**આજનો સુવિચાર**

બધા નિર્ણયો આપણા નથી હોતા અમુક નિર્ણયો સમયનાં પણ હોય છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૭૪ જૂનાગઢ તા.૦૫-૦૭-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 174, Junagadh : Date : 05 July, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## બ્રિટનમાં સત્તા પરિવર્તન : ભારતીય મુળનાં ઋષિ સૂનકની કન્ઝર્વેટીવ પાર્ટીની કારમી હાર : લેબર પાર્ટીનો પ્રચંડ વિજય





લંડન,તા.૫

બ્રિટનમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન ઋષિ સુનકની કન્ઝર્વેટીવ પાર્ટીનો ઐતિહાસિક પરાજય થયો છે. લેબર પાર્ટીએ પ્રચંડ જીત સાથે બહુમતી હાંસલ કરી લીધી છે. ઋષિ સુનકે હારનો સ્વીકાર કરીને રાજીનામુ આપવાની જાહેરાત કરી દીધી છે.

બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં ૬૫૦ બેઠકો પર ગઈકાલે મતદાન યોજાયુ હતું. ભારતીય સમય પ્રમાણે ગતરાત્રે બે વાગ્યા સુધી મતદાન ચાલ્યુ હતું અને ત્યારબાદ મતગણતરી શરૂ થઈ હતી. એકઝીટ પોલમાં જ ઋષિ સુનકની પાર્ટીનો પરાજય થવાનો વર્તારો જાહેર થયો હતો. ચુંટણી પરિણામો જાહેર થતાની સાથે જ આગાહી સાચી પડવા લાગી હોય તેમ વિપક્ષ લેબર પાર્ટી પ્રચંડ જીત તરફ આગળ વધવા લાગી હતી ૬૫૦ બેઠકોમાંથી ૩૧૩ બેઠકોના પરિણામો જાહેર થયા તેમાં વિપક્ષી લેબર પાર્ટીનો ૨૬૬ બેઠકો પર વિજય હતો જયારે ઋષિ સુનકની કન્ઝર્વેટીવ પાર્ટીને માત્ર ૪૭ બેઠક મળી હતી. બહુમતી માટે ૩૨૬ બેઠકો અનિવાર્ય છે અને લેબર પાર્ટી આસાનીથી આ આંકડો પાર કરી લેશે તે નિશ્ચિત છે.

એકઝીટ પોલમાં કેઈરસ્ટેરમરની લેબર પાર્ટીને ૪૮૪ બેઠકો મળવાનુ અને ઐતિહાસિક-રેકોર્ડબ્રેક જીત થવાનુ તારણ દર્શાવવામાં આવ્યું હતું તેવી જ રીતે ઋષિ સુનકની કન્ઝર્વેટીવ પાર્ટીની ઈતિહાસની સૌથી ખરાબ હાર થવાનુ અનુમાન દર્શાવવામાં આવ્યું હતું. બ્રિટનમાં ઋષિ સુનકની પાર્ટીના અનેક મહારથીઓ પણ ચુંટણી હારી ગયા છે. ચુંટણીમાં કારમી હારના સંકેતો વચ્ચે વડાપ્રધાન ઋષિ સુનકે પરાજયનો સ્વીકાર કરી લીધો હતો અને વડાપ્રધાનપદેથી રાજીનામુ આપવાની જાહેરાત કરી છે. ઉપરાંત જીતના માર્ગે આગળ ધપી રહેલા લેબર પાર્ટીના વડા કેઈર સ્ટારમરને અભિનંદન આપ્યા હતા.

ચુંટણીમાં પ્રચંડ વિજય સાથે વડાપ્રધાન બનવાના માર્ગે આગળ ધપી રહેલા કેઈર સ્ટારમરે મતદારોનો આભાર માનતા કહ્યું કે, રાષ્ટ્રમાં પરિવર્તન થઈ રહ્યું છે. હોલબોર્ન તથા સેંટ પૈનકાસની બેઠકોમાં જીત બાદ વિજય ભાષણમાં ૬૧ વર્ષિય સ્ટારમરે કહ્યું કે ''હું તમામ લોકો-મતદારોનો આભાર માનુ છું. લેબર પાર્ટીને મત ન આપ્યા હોય તેમનો પણ આભારી છુ અને દરેક વ્યક્તિની સેવા કરીશ.''

## ૨૦૨૫માં ભારત ઈતિહાસ રચશે : અવકાશ અને ઉંડા સમુદ્રમાં માનવ મિશન મોકલાશે

નવી દિલ્હી તા. ૫

કેન્દ્રીય વિજ્ઞાન અને તકનીકી રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ભારત ૨૦૨૫ સુધીમાં અવકાશ અને ઊંડા સમુદ્રમાં પ્રથમ માનવ મિશન મોકલવા માટે તૈયાર છે. ભારતના માનવ અવકાશ મિશન ગગનયાન માટે ચાર અવકાશયાત્રીઓની પસંદગી કરવામાં આવી છે.

જેમાં એરફોર્સના ગ્રુપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અજીત કૃષ્ણન અને અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુક્લાનો સમાવેશ થાય છે. ISROના ગગનયાન મિશનનો ઉદ્દેશ્ય અવકાશમાં માનવસહિત ત્રણ-દિવસીય મિશન મોકલવાનો છે, જે પૃથ્વીની ઉપર ૪૦૦ કિમીની પરિક્રમા કર્યા પછી પરત ફરશે.

## ભારતમાં બેકારીની વિકરાળ સમસ્યા બેરોજગારીનો આંક ૮ મહિનાની ટોચે પહોંચ્યો

નવીદિલ્હી,તા.૫

દેશમાં બેરોજગારીનો આંક ગત મે માસમાં ૭ ટકા રહયા બાદ દેશમાં બેરોજગારીનો આંક વિતેલા જૂનમાં વધી ૯.૨૦ ટકા રહ્યો છે.

ગત મહિને બેરોજગારીનો આંક આઠ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હતો. ગયા વર્ષના જૂનમાં આ આંક ૮.૫૦ રહ્યો હતો એમ સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના ડેટા જણાવે છે. પુરુષોની સરખામણીએ મહિલા બેરોજગારની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે.

કન્ઝયૂમર પિરામિડસ હાઉસહોલ્ડ સર્વે જે સેન્ટર સમયાંતરે હાથ ધરે છે તેના આધારે બેરોજગારીના ડેટા મેળવવામાં આવ્યા છે. રોજગાર મેળવવા ઈચ્છતા હોય પરંતુ રોજગાર ધરાવતા ન હોય તેવા કર્મચારીબળને બેરોજગાર તરીકે ગણવામાં આવે છે. એકંદર બેરોજગારોમાં મહિલા બેરોજગારની ટકાવારી ૧૮.૫૦ ટકા હતી જે ગયા વર્ષના જૂનમાં ૧૫.૧૦ ટકા જોવા મળી હતી. પુરુષોમાં બેરોજગારીની ટકાવારી ૭.૮૦ ટકા રહી હતી જે ૨૦૨૩ના જૂનમાં ૭.૭૦ ટકા હતી.

ગ્રામ્ય વિસ્તારમાં બેરોજગારીનો આંક સતત ઊંચો રહયો મળ્યો છે. ગયા વર્ષના જૂનમાં ૮.૮૦ ટકાની સરખામણીએ વર્તમાન વર્ષના જૂનમાં ગ્રામ્ય બેરોજગારીનો આંક ૯.૩૦ ટકા રહ્યો હતો. જે મેમાં ૬.૩૦ ટકા જોવા મળ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પુરુષ બેરોજગારોની સંખ્યા ૮.૨૦ ટકા જ્યારે મહિલાઓમાં આ આંક ૧૭.૧૦ ટકા રહ્યો છે.

## હાથરસનાં પીડિતોએ રાહુલ ગાંધી સમક્ષ વ્યથા ઠાલવી : ઢોંગી બાબાની ધરપકડની માંગણી

હાથરસ,તા.૫

યુપીનાં હાથરસમાં ભોલે બાબાના સત્સંગ સમાગમમાં નાશભાગમાં ૧૨૧થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.



દરમિયાન વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આજે હાથરસ પહોંચ્યા હતા અને દુર્ઘટના પીડિતોને મળ્યા હતા.

લોકસભામાં વિપક્ષ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી હાથરસ પીડિતોની મુલાકાત લેવા પહોંચી ગયા હતા. આજે તેમની હાથરસમાં પીડિતો સાથે મુલાકાત થઈ હતી. જયાં પીડિતોએ તેમની સમક્ષ માંગ કરી હતી કે ઢોંગી બાબાની ધરપકડ કરવામાં આવે. રાહુલ ગાંધીએ પીડિતોને ન્યાય અપાવવાનું આશ્વાસન આપ્યું હતું.

રાહુલ ગાંધી સામે આ મુલાકાત દરમિયાન પીએમ મોદી સામે લોકસભા ચૂંટણી લડનારા દિગ્ગજ કોંગ્રેસી નેતા અજય રાય પણ સાથે રહયા હતા. હાથરસ દુર્ઘટના વિશે વિરોધપક્ષોએ સરકાર પર આક્ષેપો કર્યા જ છે. રાહુલ ગાંધી સમક્ષ પીડીતોએ વ્યાપક વ્યથા ઠાલવી હતી.

## ટ્રમ્પનો વિડીયો લીક : બાઈડનને બકવાસ અને કમલા હેરીસને ઘણી ખરાબ કહી અપશબ્દો બોલ્યા

વોશિંગ્ટન,તા.૫

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીને લઈને વાતાવરણમાં ગરમી આવી ગઈ છે. ચાલુ વર્ષના અંત સુધીમાં અમેરિકાને નવા રાષ્ટ્રપતિ મળશે તેવી આશા છે.

રાષ્ટ્રપતિની દોડમાં હાલના પ્રેસિડેન્ટ જો બાઈડન અને રિપબ્લિક પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળતી હતી.

પરંતુ હાલની ડિબેટમાં ટ્રમ્પે બાઈડનને ખરાબ રીતે પછાડી દીધા હતા. એવી શક્યતા છે કે બાઈડન રાષ્ટ્રપતિની દોડમાંથી પીછેહઠ કરી શકે છે. તેમની જગ્યાએ કમલા હેરિસનું નામ સામે આવી રહ્યું છે. બાઈડનને ડિબેટમાં પછાડ્યા બાદ ટ્રમ્પ એટલા ઉત્સાહિત થઈ ગયા કે તેઓ હવે ખુલ્લેઆમ બાઈડન અને કમલા હેરિસની નિંદા કરવા લાગ્યા છે. તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પનો પ્રાઈવેટ વીડિયો લીક થયો છે. જેમાં ટ્રમ્પ કહી રહ્યાં છે કે, બાઈડનને તો મેં બહાર કરી દીધા છે હવે કમલા હેરિસ મારી સામે હશે. વીડિયોમાં ટ્રમ્પ ઉપરાષ્ટ્રપતિ અને ડેમોક્રેટિક પાર્ટીના નેતા કમલા હેરિસ અંગે જેમતેમ બોલતા પણ સંભળાય છે.

વીડિયોમાં ૪ જુલાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરાયો છે. વીડિયોમાં ટ્રમ્પ પોતાના પુત્ર બૈરોન ટ્રમ્પની સાથો ગોલ્ફ કોર્ટમાં કારમાં બેઠેલા જોવા મળે છે. ટ્રમ્પ વીડિયોમાં બાઈડનને બકવાસ કહી રહ્યાં છે. ટ્રમ્પ કહે છે કે, બાઈડનને તો મેં દોડમાંથી બહાર કરી દીધા છે.

મેં એવું પણ સાંભળ્યું છે કે બાઈડનની જગ્યાએ હવે ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસની પસંદગી કરાશે.

ટ્રમ્પે વીડિયોમાં કમલા હેરિસ અંગે પણ જેમતેમ બોલતા સાંભળવા મળે છે. ટ્રમ્પ કહે છે કે, તે ઘણી જ ખરાબ છે, ઘણી જ ખરાબ તે દયનીય છે. શું તમે કલ્પના કરી શકો છો કે આ લોકો પુતિન અને શી જિનપિંગની આગળ ટકી શકશે. ? પુતિન અને જિનપિંગ ઘણાં જ ક્રૂર અને કડક છે. ટ્રમ્પ કમલા હેરિસ માટે અપશબ્દોનો ઉપયોગ પણ કરે છે.

## ભારત વિરોધી કેનેડાનાં વડાપ્રધાન ટ્રુડોનાં વળતા પાણી : સર્વે



ટોરેન્ટો,તા.૫

ભારત વિરૂદ્ધ સતત બફાટ કરી રહેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોની ઉંધી ગણતરી શરૂ ગઈ છે. એક સર્વેક્ષણ પ્રમાણે જો અત્યારે ચૂંટણી યોજાય તો ટૂડો અને તેમની પાર્ટી લિબરલ પાર્ટીની હાર નિશ્ચિત બને તેમ છે તેટલું જ નહીં પરંતુ તેની સાથી પાર્ટી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીએ પણ જનતાનું સમર્થન ગુમાવ્યું છે. ભારત વિરોધી સતત નિવેદનો કરવા માટે તેમજ દેશમાં વિકાસ વિરોધી કામો કરવા માટે તેમણે પહેલેથી જનતાનો વિશ્વાસ ગુમાવી દીધો છે. કેનેડાની સંસદમાં ખાલિસ્તાનીઓ તરફી નારાબાજી કરાવવી, ખાલિસ્તાનિઓના કાર્યક્રમોમાં હાજરી આપવી અને ભારત ઉપર કોઈ પણ કારણ વગર તેમજ આધાર વગર આક્ષેપો કરવા માટે ટૂડો કુખ્યાત છે. તેથી જ જો અત્યારે ચૂંટણી યોજાય તો તેમની સરકાર ટકી શકે તેમ નથી.

## ઢોંગી બાબાની મંડળીમાં અનેક સુંદર યુવતિઓ રહેતી હતી : બાબા યુવતિઓ વચ્ચે ડાન્સ કરતો હતો!!

કાસગંજ તા. ૫ :

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લાના સિકંદરરાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સત્સંગ દરમિયાન થયેલા અકસ્માત બાદ બાબા ભોલે ઉર્ફે સૂરજપાલ વિશે સતત સનસનીખેજ ખુલાસા થઈ રહ્યા છે. આ દરમિયાન પડોશી ગામની એક મહિલાએ મોટો દાવો કર્યો છે. કેટલીક મહિલાઓએ જણાવ્યું કે સૂરજપાલ ઉર્ફે બાબા પાસે એક મોહક મોહિની મંત્ર છે, જેના જાદુમાં મહિલાઓ ફસાઈ જાય છે. સૂરજપાલ બાબાના પડોશના ગામ ચકના લોકોએ એવા ચોંકાવનારા રહસ્યનો પર્દાફાશ કર્યો છે. મળતી માહિતી મુજબ બાબાના સત્સંગમાં મહિલાઓની ભાગીદારી દરેક જગ્યાએ સૌથી વધુ છે. પરંતુ આવું કેમ થાય છે તે અંગે એક ચોંકાવનારૂં સત્ય જાણવા મળ્યું છે. બાબાના દરબારમાં મહિલાઓ મૂર્તિના રૂપમાં આવતી હતી અને બાબા તેમની વચ્ચે નાચતા હતા. આજુબાજુની ગામની મહિલાઓએ જણાવ્યું કે બાબા પાસે મોહિની મંત્ર છે અને જેવી મહિલાઓ તેમની આસપાસ જાય છે, તેઓ તેમના જાદુમાં આવી જાય છે. મહિલાઓએ દાવો કર્યો હતો કે, સુંદર યુવતિઓ વચ્ચે બાબા કનૈયા બનીને ડાન્સ કરતો હતો

## મુકેશ અંબાણી દેશનો સૌથી મોટી આઈપીઓ લાવવાની તૈયારી કરી રહયા છે

નવી દિલ્હી તા. ૫ :

ભારત અને એશિયાના સૌથી મોટા અમીર વ્યકતિ મુકેશ અંબાણી દેશનો સૌથી મોટો IPO લાવવાની તૈયારી કરી રહ્યા છે. રિલાયન્સ જિયો ઈન્ફોકોમે તાજેતરમાં મોબાઈલ ટેરિફમાં વધારો કર્યો છે. ઉપરાંત, કંપની તેના 5G બિઝનેસને મૂડી બનાવવા તરફ આગળ વધી છે. નિષ્ણાતો કહે છે કે આ એક સંકેત હોઈ શકે છે કે રિલાયન્સ જિયો IPO લાવવાની તૈયારી કરી રહ્યું છે.

આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો હોઈ શકે છે. કેટલાક વિશ્લેષકોનું કહેવું છે કે કંપનીનો આઈપીઓ આગામી વર્ષની શરૂઆતમાં આવી શકે છે. વિશ્લેષકો અને ઉદ્યોગ જગતના લોકોને આશા છે કે આગામી મહિને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સંભવિત એજીએમમાં Jioના IPO અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ શકે છે.

## સાળંગપુર ખાતે ભાજપ કારોબારીનો બીજો દિવસ : નવા પ્રદેશ પ્રમુખનાં નામની જાહેરાત થશે ?

બોટાદ તા. ૫

BAPS સ્વામિનારયણ મંદિર સાળંગપુર ખાતે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં યોજાઈ રહેલી ભાજપ ગુજરાત પ્રદેશની કારોબારી બેઠકનો આજે બીજો દિવસ છે. કારોબારી બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએની સરકાર બનતા અભિનંદન પ્રસ્તાવ પસાર કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર પાટીલ આ બેઠકમાં હાજર છે. ત્યારે બેઠકના અંતમાં કાર્યકારી પ્રદેશ અધ્યક્ષનો પ્રસ્તાવ રજૂ થઈ શકે છે અને બેઠકના અંતે ગુજરાત ભાજપને નવા કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ મળી શકે છે. ત્યારે આ અંગે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું કે, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર પાટીલ જેઓને કેન્દ્રીય મંત્રી મંડળમાં સ્થાન મળ્યું છે. સી.આર પાટીલ જવાબદારી સંભાળી શકે તેવા સક્ષમ છે જ તેમ છતાં નવા પ્રદેશ પ્રમુખ અંગે કારોબારીમાં ચર્ચા થવાની શક્યતા છે.





શું તમે શારીરિક દુઃખાવા થી પીડાવ છો ?
શું તમે પીડારહીત હલન ચલન નથી કરી શકતા ?

શું તમે સાંધા-સ્નાયુ-નસ-રગનાં દર્દો + ઓર્થો. દુઃખાવા માટે કાપ-કુપ/એમ.આર.આઈ વગરનો વિકલ્પ શોધી રહ્યા છો?

શું શરીરના સાંધાની જકડન, સોજા, મેંડ, મચકોડ, માંસપેશીના દર્દો, ફુટ-કળતર / વા જેવી તકલીફો થી આડઅસર વગર રાહત મેળવવી શકય છે? તો જવાબ છે, ॥ આદિત્ય કલીનીક ॥

ભારત + અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલ્સનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેકટીસમાં કાર્યરત

પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફ્લોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જૂનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

**સી. સી. પડદાવાળા**

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫




**દુકાન બંધ કરવા સબબ**

**ખરીદી કરવા જરૂર પધારો નહીંતર અફસોસ....**

કેન્દ્રીય વિદ્યાલય (K.V.S.) કનેરીયા કોન્વેન્ટ, માનસ વિદ્યાલય, આલ્ફા, નોબલ વગેરેનાં સ્કુલ ડ્રેસ

તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે

**બોમ્બે બજાર**

જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**પ્લોટ વેચવાના છે**

RSP No.77. ચોબારી વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬

મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩



● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો

### કોંગ્રેસે ફરી ભાજપ પર જૂઠું બોલવાનો આરોપ લગાવ્યો

# ‘સૈનિકોને ઘણી સુવિધાઓ, અગ્નિવીરને કંઈ નહીં...’

**સંસદના સત્રમાં ‘અગ્નવીર યોજના’ની પ્રાસંગિકતા પર પ્રશ્નો ઉઠાવવામાં આવતાં, કેન્દ્ર સરકારની આ યોજના સતત વિવાદનો વિષય બની રહી છે**











નવી દિલ્હી, તા.૫

સંસદના સત્રમાં ‘અગ્નવીર યોજના’ની પ્રાસંગિકતા પર પ્રશ્નો ઉઠાવવામાં આવતાં, કેન્દ્ર સરકારની આ યોજના સતત વિવાદનો વિષય બની રહી છે. ‘અગ્નિવીર’ને તેમના મૃત્યુ પછી સરકાર તરફથી કેટલી સહાય મળે છે અથવા મળી છે તેની પણ ચર્ચા છે.કોંગ્રેસ આ મુદ્દે સતત હોબાળો મચાવી રહી છે અને ભાજપ અને કોંગ્રેસ આ મામલે સતત એકબીજા પર આરોપો લગાવી રહ્યા છે. કોંગ્રેસે ગુરુવારે પત્રકાર પરિષદ યોજીને આરોપ લગાવ્યો હતો કે સંરક્ષણ મંત્રી અગ્નિવીર મુદ્દે સંસદમાં ખોટું બોલ્યા છે. કોંગ્રેસના સૈન્ય વિભાગના અધ્યક્ષ નિવૃત્ત કર્નલ રોહિત ચૌધરીએ આ આક્ષેપો કર્યા હતા અને તેમના વતી કેટલાક તથ્યો પણ રજૂ કર્યા હતા.લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શહીદ અગ્નિશામકોના પરિવારોને વળતરના મુદ્દે સંસદમાં “જૂઠું બોલ્યા” છે. તેણે કહ્યું કે તેણે આ માટે માફી માંગવી જોઈએ. આ મામલે ભારતીય સેનાના ADG PIનું નિવેદન સામે આવ્યું છે.

એવું કહેવામાં આવ્યું હતું કે સોશિયલ મીડિયા પર કેટલીક પોસ્ટ્સથી બહાર આવ્યું છે કે ફરજની લાઈનમાં જીવ ગુમાવનારા અગ્નવીર અજય કુમારના પરિવારના સભ્યોને વળતર આપવામાં આવ્યું નથી. તમને જણાવી દઈએ કે ADG PIની પોસ્ટ રક્ષા મંત્રી રાજનાથ સિંહના કાર્યાલય દ્વારા ફરીથી પોસ્ટ કરવામાં આવી હતી.એડીજી પીઆઈએ જણાવ્યું હતું કે ભારતીય સેના અગ્નિવીર અજય કુમાર દ્વારા કરાયેલ સર્વોચ્ચ બલિદાનને સલામ કરે છે તે વાત પર ભાર મૂકવામાં આવે છે. તેમને સંપૂર્ણ સૈન્ય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. અગ્નિવીર અજયના પરિવારજનોને 98.39 લાખ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું હતું. ADG PIએ જણાવ્યું હતું કે અગ્નિવીર યોજનાની જોગવાઈઓ મુજબ આશરે 67 લાખ રૂપિયાની નાણાકીય સહાય અને અન્ય લાભો પોલીસ વેરિફિકેશન બાદ ચૂકવવામાં આવશે. કુલ રકમ અંદાજે રૂ. 1.65 કરોડ થશે.ગુરુવારે કોંગ્રેસે ફરી એકવાર અગ્નિવીરને લઈને સરકાર પર પ્રહારો કર્યા અને પુનરોચ્ચાર કર્યો કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સંસદમાં ખોટું બોલ્યા છે. કોંગ્રેસે આ માટે માફી માંગવાની પણ માંગ કરી છે. કોંગ્રેસ કાર્યાલયમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસના સૈન્ય વિભાગના અધ્યક્ષ નિવૃત્ત કર્નલ રોહિત ચૌધરીએ આ આરોપો લગાવ્યા હતા અને તેમના પક્ષમાંથી કેટલાક તથ્યો પણ રજૂ કર્યા હતા.કર્નલ રોહિત ચૌધરીએ કહ્યું, ‘જે સૈનિક અજય સિંહ વિશે વાત કરવામાં આવી રહી છે તેની સંપૂર્ણ માહિતી આજે જ મળી છે. અમને મળેલી માહિતી અનુસાર, અત્યાર સુધી આર્મી ગ્રુપ ઈન્સ્યોરન્સમાંથી 48 લાખ રૂપિયા મળ્યા છે. બાકીના નાણાં રાજ્ય સરકાર અને અન્ય જગ્યાએથી મળ્યા છે. તેમણે કહ્યું કે જે રક્ષા મંત્રીએ કહ્યું હતું કે 1 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે તે ખોટું છે, તેમને માત્ર 48 લાખ રૂપિયા મળ્યા છે.તેમણે કહ્યું કે પંજાબની અંદર જ એવા ત્રણ લોકો છે જે પહેલા શહીદ અમૃતપાલ છે, જેમને આજ સુધી કંઈ મળ્યું નથી. અજય સિંહ, જેમને માત્ર 48 લાખ રૂપિયા મળ્યા હતા અને સુખજિંદર સિંહ, જેનું 15 એપ્રિલે મૃત્યુ થયું હતું. તેને પણ હજુ સુધી એક પૈસો મળ્યો નથી. બેટલ કેઝ્યુઅલ્ટી ફંડમાંથી ન તો વીમાની રકમ કે એક પણ પૈસો મળ્યો નથી.

# સામાન્ય રેલવે મુસાફરોની સુવિધાઓ ઉપર રેલવેનું ફોકસ : કોચ ઉત્પાદનમાં થયો વધારો

**રેલવે દ્વારા ૨૦૨૪ અને ૨૦૨૫ દરમ્યાન ૧૦૦૦૦ નોન-એસી કોચોનું ઝડપથી ઉત્પાદન**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

સામાન્ય મુસાફરોના જીવનને સરળ બનાવવા માટે, ભારતીય રેલ્વેએ આગામી બે વર્ષ માટે લગભગ ૧૦,૦૦૦ નોન-એસી કોચ બનાવવાની યોજના બનાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન લગભગ ૧૦૦૦૦ કોચનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે, જેમાં ૫૩૦૦થી વધુ જનરલ કોચ સામેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, રેલવે અમૃત ભારત જનરલ કોચો સહિત ૨૬૦૫ જનરલ કોચ, અમૃત ભારત સ્લીપર કોચો સહિત ૧૪૭૦ નોન એસી સ્લીપર્સ, અમૃત ભારત એસએલઆર કોચો સહિત ૩૨૩ એસએલઆર કોચ, ૩૨ ઉચ્ચ ક્ષમતા વાળી પાર્સલ વાન અને ૫૫ પેન્ટ્રી કાર બનાવવાની યોજના બનાવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં, રેલવે અમૃત ભારત જનરલ કોચ સહિત ૨૭૧૦ જનરલ કોચ, અમૃત ભારત સ્લીપર કોચ સહિત ૧૯૧૦ નોન એસી સ્લીપર્સ, અમૃત ભારત એસએલઆર કોચ સહિત ૫૧૪ એસએલઆર કોચ, ૨૦૦ ઉચ્ચ ક્ષમતાવાળી પાર્સલ વાન અને ૧૧૦ પેન્ટ્રી કાર બનાવવાની યોજના બનાવી છે. રેલ સેવાની માંગ બદલાતી રહે છે અને મોસમી ફેરફારો, પેસેન્જર ટ્રાફિકમાં વધારો વગેરેને આધારે ઘટતી/વધતી રહે છે. કોચોની જરૂરિયાત આ પરિબળો ઉપર આધારિત છે અને વાર્ષિક કોચ ઉત્પાદન કાર્યક્રમમાં તેનો સમાવેશ થાય છે. કોચોનું ઉત્પાદન સામાન્ય રીતે જરૂરિયાત મુજબ થાય છે.

### ‘અમને સેના તરફથી ૯૮ લાખ રૂપિયા મળ્યા પરંતુ...’

# અગ્નિવીરના પિતાએ તેમના પુત્ર માટે શહીદનો દરજ્જો માંગ્યો

**રાહુલ ગાંધીએ સંસદમાં દાવો કર્યો હતો કે અજય કુમારના પરિવારને હજુ સુધી કોઈ પૈસા મળ્યા નથી**

નવી દિલ્હી, તા.૫

તાજેતરમાં પૂરા થયેલા સંસદ સત્રમાં અગ્નિવીર ભરતી યોજનાને લઈને ભારે હોબાળો થયો હતો. રાહુલ ગાંધીએ શહીદ અગ્નિવીરને આપવામાં આવેલી આર્થિક મદદ અંગે સરકારને ઘેરી હતી. દરમિયાન શહીદ અગ્નિવીરના પરિવારે કહ્યું છે કે તેમને અત્યાર સુધીમાં ૯૮ લાખ રૂપિયા મળ્યા છે.સેનાએ એવો પણ દાવો કર્યો છે કે ૯૮ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે અને લગભગ ૬૭ લાખ રૂપિયા બાકી છે. પરિવારની માંગ છે કે અગ્નવીર યોજના નાબૂદ કરવામાં આવે. પરિવારને શહીદનો દરજ્જો અને સુવિધાઓ આપવાની પણ માંગ કરવામાં આવી છે. ચંદીગઢમાં છ બહેનોના ભાઈ અજય કુમારે દેશની સેવા કરવાનું સપનું જોયું અને ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે જોડાયો. તેઓ ૧૮ જાન્યુઆરીના રોજ શહીદ થયા હતા.રાહુલ ગાંધીએ સંસદમાં દાવો કર્યો હતો કે અજય કુમારના પરિવારને હજુ સુધી કોઈ પૈસા મળ્યા નથી, જેના પછી સેનાએ તરત જ જવાબ આપ્યો કે પરિવારને અત્યાર સુધીમાં ૯૮ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને ૬૭ લાખ રૂપિયા બાકી છે. આજતક સાથે વાત કરતા અગ્નિવીર અજય કુમારના પરિવારે સેનાના દાવાની પુષ્ટિ કરી અને કહ્યું કે તેમને ૯૮ લાખ રૂપિયા મળ્યા છે.અગ્નિવીર અજય કુમારના પિતા ચરણજીત સિંહે આ વિશે વધુ માહિતી આપતા કહ્યું કે, ‘પહેલા અમને વીમાની રકમ તરીકે ૫૦ લાખ રૂપિયા મળ્યા અને બાદમાં અમને સેના તરફથી ૪૮ લાખ રૂપિયા મળ્યા. તેથી અત્યાર સુધીમાં અમને ૯૮ લાખ રૂપિયા મળ્યા છે અને અમને ખાતરી છે કે બાકીના ૬૭ લાખ રૂપિયા પણ ટૂંક સમયમાં આર્મી અમને મોકલી આપશે.જોકે, તેણે કહ્યું, ‘આ મુદ્દો પૈસાનો નથી. અમે અમારા પુત્રને શહીદનો દરજ્જો જોઈએ છે. તેમણે દેશ માટે પોતાનો જીવ આપ્યો અને આજ સુધી ન તો તેમને શહીદનો દરજ્જો આપવામાં આવ્યો છે કે ન તો શહીદના પરિવારને કોઈ સુવિધા આપવામાં આવી છે.ચરણજીત સિંહે કહ્યું, ‘રાહુલ ગાંધીએ સંસદમાં અગ્નિવીરનો મુદ્દો ઉઠાવ્યો અને તેઓ જે કહી રહ્યા છે કે આ સ્કીમને ખતમ કરી દેવી જોઈએ તે યોગ્ય છે.’ તેમણે પીએમ મોદીને પણ આ અંગે વિચાર કરવા અને સેનામાં નિયમિત ભરતી સુનિશ્ચિત કરવા વિનંતી કરી.આજતક સાથે વાત કરતા અજય કુમારની મોટી બહેન બક્ષો દેવીએ કહ્યું, ‘અમારો ભાઈ ૧ કરોડ રૂપિયા લઈને પાછો નહીં આવે. તેના મોટા સપના હતા અને તે પરિવારમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ હતો. તમે અમારી પાસેથી એક કરોડ રૂપિયા લઈ લો અને અમારા ભાઈને પાછા આપો. એક વાત સમજવી જોઈએ કે આ પૈસાની વાત નથી.તેમણે સવાલ ઉઠાવ્યો કે ચાર વર્ષની નોકરીનો અર્થ શું છે. શું તેઓ લાંબા ગાળા માટે લોકોને નોકરીએ રાખી શકતા નથી? અગ્નવીર અજય કુમારનો પરિવાર નાના ઘરમાં રહે છે અને પરિવારની આર્થિક સ્થિતિ પણ ખરાબ છે.

### કોરિયોગ્રાફરે સંભાળી જવાબદારી

# અનંત-રાધિકાના લગ્નમાં ફ્લેશ મોબ હશે, ૬૦ ડાન્સર્સ કરશે પરફોર્મ

**અંબાણી પરિવાર અનંત અને રાધિકાના લગ્નની ઉજવણીમાં લક્ઝરી અને ભવ્યતાને એક અલગ જ સ્કેલ પર લઈ જવાની તૈયારી કરી રહ્યો છે**



મુંબઈ, તા.૫

અંબાણી પરિવાર માટે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવું કોઈ મોટી વાત નથી. નીતા અંબાણીએ તેમના નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન પહેલાના સમારોહ માટે જામનગરનો ચહેરો બદલી નાખ્યો હતો. હવે મુકેશ અને નીતા અંબાણી તેમના પુત્ર અનંતના લગ્નમાં કોઈ કસર છોડી રહ્યા નથી. અંબાણી પરિવાર ઉજવણીમાં લક્ઝરી અને ભવ્યતાને એક અલગ જ સ્તર પર લઈ જવાની તૈયારી કરી રહ્યો છે. રાધિકા મર્ચન્ટ સાથેના અનંતના લગ્નને યાદગાર બનાવવા માટે સ્ટાર-સ્ટડેડ ગેસ્ટ લિસ્ટથી લઈને દિલને ખુશ કરી દે તેવી સજાવટ સુધી દરેક નાની-નાની વિગતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.લેટેસ્ટ માહિતી અનુસાર, અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં એક અનોખો ફ્લેશ મોબ થવાનો છે. (ફ્લેશ મોબ એક મોટું ડાન્સ ગ્રુપ છે, જે પરફોર્મ કરવા માટે એક નિશ્ચિત જગ્યાએ આવે છે અને પછી અદૃશ્ય થઈ જાય છે. આ પરફોર્મન્સ માટે અમેઝિંગ ટ્યુનિંગ જરૂરી છે.)ઈન્ડિયા ટુડે/આજ તકને વિશેષ માહિતી પ્રાપ્ત થઈ છે કે અંબાણી પરિવાર શુભ આશીર્વાદ સમારોહ માટે ભવ્ય ફ્લેશ મોબનું આયોજન કરી રહ્યું છે. આ સમારોહ ૧૩ જુલાઈના રોજ થશે અને ૬૦ ડાન્સર્સ ફ્લેશ મોબમાં પરફોર્મ કરશે. આ ઈવેન્ટ પરંપરા, આધુનિકતા અને અજોડ મનોરંજનથી ભરપૂર હશે.અંબાણી પરિવારના નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ‘આ લગ્નમાં ફ્લેશ મોબ ઉમેરવાના અંબાણીના નિર્ણયથી આ પરંપરાગત ઉજવણીમાં આધુનિક વળાંક આવ્યો છે. આ ફ્લેશ મોબ એક શ્લોક પર પ્રદર્શન કરશે. પ્રખ્યાત કોરિયોગ્રાફર વૈભવી મર્ચન્ટને તેની અદ્ભુત દિનચર્યા કોરિયોગ્રાફ કરવા માટે રાખવામાં આવી છે. આ ફ્લેશ મોબ કન્યા રાધિકા મર્ચન્ટ અને વર અનંત અંબાણી સાથે પ્રવેશ કરશે.સૂત્રે વધુમાં જણાવ્યું હતું કે, ‘તેના ૬૦ ડાન્સર્સને તેમની ડાન્સ ટેલેન્ટ અને કેમેસ્ટ્રી માટે રાખવામાં આવ્યા છે. આ તમામ પોતાના પરફોર્મન્સને પરફેક્ટ બનાવવા માટે સખત મહેનત કરી રહ્યા છે. લગ્નની ઉજવણી દરમિયાન, ફ્લેશ મોબ નિર્ધારિત ક્ષણે શરૂ થશે જેથી મહેમાનો પર તેની મજબૂત અસર પડે.અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી ૧૨ થી ૧૪ જુલાઈ સુધી ચાલશે. બંનેના લગ્ન ૧૨ જુલાઈએ મુંબઈના જીઓ વર્લ્ડ સેન્ટરમાં થશે. આ પછી, ૧૩મી જુલાઈએ આ દંપતીને આશીર્વાદ આપવામાં આવશે અને ત્યારબાદ ૧૪મી જુલાઈએ તેમનું રિસેપ્શન યોજાશે. આ લગ્નમાં બોલિવૂડ, સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતના લોકો અંબાણી અને વેપારી પરિવાર સાથે ઉજવણીમાં સામેલ થવા આવશે. આ સેલિબ્રેશનમાં પરફોર્મ કરવા માટે ઘણા આંતરરાષ્ટ્રીય સ્ટાર્સને પણ આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. જેમાં ડ્રેક, એડેલ, જસ્ટિન બીબર અને લાના ડેલ રેના નામ સામેલ છે.

### :: દુઃખદ અવસાન ::



જૂનાગઢ શહેરનાં જાણીતા તબલાવાદક અને ડાયરા કલાકાર હાજીભાઈ રમકડાનાં ધર્મપત્ની મીર આયશાબેન હાજીભાઈનું તા. ૩૦-૬-૨૪નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. હાજીભાઈ રમકડાનાં કુટુંબ પર આવી પડેલ આ આપત્તિ સબબ તેમનાં મિત્રો, શુભેચ્છકો દ્વારા દિલસોજી પાઠવવામાં આવી હતી.

### અવસાન-બેસણું

જૂનાગઢ નિવાસી મારૂ કંસારા મુરલીધરભાઈ ગોકળદાસ બુધ્ધના ધર્મ પત્ની મારૂ કંસારા ધનલક્ષ્મીબેન મુરલીધરભાઈ બુધ્ધ (ઉ.વ. ૮૦) તે વ્રજદાસ (વિજયભાઈ), ગોરધનદાસ (જીતુભાઈ) તથા ઘનશ્યામભાઈના માતૃશ્રી તા.૪/૭/૨૦૨૪ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ હોય સદગતનું બેસણું આજ તા.૫/૭/૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૦થી ૧૧ કલાકે સિધ્ધનાથ મહાદેવ મંદિર ઝાંઝરડા રોડ જીઈબી ઓફિસની સામે રાખેલ છે.

# સિડનીમાં ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલની પૂર્ણાહુતિ થઈ

મુંબઈ, તા.૫

સિડની હાર્બર બ્રિજ ખાતે ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલના અંતિમ દિવસની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. ક્રૂઝમાં યોજાયેલી ફેસ્ટિવલની પૂર્ણાહુતિમાં ભારત અને ગુજરાતના અનેક સેલેબ્રિટીઝ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે દસ ફિલ્મોની બેસ્ટ ઓફ ધ યર ૨૦૨૩-૨૪ તરીકે પસંદગી કરવામાં આવી હતી. આગળનાં વર્ષોની જેમ આ વર્ષે ફિલ્મ સ્ક્રિનિંગની કોઈ હરિફાઈ રાખવામાં આવી નહોતી. આ વર્ષથી ફેસ્ટિવલનો હેતુ વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ ફિલ્મો વિવિધ દેશના એનઆરજી સુધી પહોંચાડવાનો છે. ચાર વર્ષ સુધી અમેરિકામાં સફળતાપૂર્વક આ ફેસ્ટિવલ યોજયા બાદ આ વર્ષનો ફેસ્ટિવલ ઓસ્ટ્રેલિયામાં યોજવામાં આવ્યો હતો. આ વર્ષે ૧૦ ફિલ્મોની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી, જેમાં ‘બચુભાઈ’, ‘ઝમકૂડી’, ‘વાર તહેવાર’, ‘લોચા લાપસી’, ‘બિલ્ડર બોય્ઝ’, ‘ફાટી ને..’, ‘કસૂંબો’, ‘વેનિલા આઈસ્કીમ’, ‘ઈટ્ટા કિટ્ટા’, ‘હું અને તું’ અને ‘સમંદર’નો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ વર્ષે બે શોર્ટ ફિલ્મને પણ ઓફિશિયલ સિલેકશન એવોર્ડ માટે પસંદ કરવામાં આવી હતી, જય રાવલની ‘કેવિન પટેલ એટ યોર સર્વિસ’ અને રાહુલ વાણીયાની ‘વૃક્ષરી’. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ફિલ્મ મેકર પેન નલીનથી લઈને ઉમેશ શુક્લ અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા કલાકારો ખાસ હાજર રહ્યાં હતાં.

## મરીન ડ્રાઈવ પર લાખોની ભીડમાં એમ્બ્યુલન્સ ફસાતા, લોકોએ રસ્તો કરી આપ્યો

મુંબઈ, તા.૫

મુંબઈમાં મરીન ડ્રાઈવ પર એકઠા થયેલા લાખો ક્રિકેટ ચાહકોમાંથી એક એમ્બ્યુલન્સ સરળતાથી પસાર થઈ. ઉત્તેજિત ટોળાએ ધીરજપૂર્વક એમ્બ્યુલન્સને આગળ વધવા માટે રસ્તો બનાવ્યો. આટલી મોટી ભીડમાંથી પસાર થતી એમ્બ્યુલન્સ ત્યાં હાજર લોકોની માનવતા અને સેવા ભાવના દર્શાવે છે. મુંબઈમાં મરીન ડ્રાઈવ ખાતે એકઠા થયેલા લાખો રમતપ્રેમીઓમાં સહકાર અને સૌહાર્દનું અદભૂત દ્રશ્ય જોવા મળ્યું હતું. જ્યારે લાખોની ભીડમાંથી એક એમ્બ્યુલન્સ પસાર થતી જોવા મળી હતી. વિશ્વ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમને આવકારવા માટે એકઠા થયેલા લાખો ચાહકોએ રમતગમત પ્રત્યેના તેમના પ્રેમ અને સેવાની ભાવના દર્શાવતા એમ્બ્યુલન્સને રસ્તો આપ્યો.

## ખંભાળિયામાં વાતાવરણ પલટાયું વરસાદી ઝાપટા વરસ્યા

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયા પંથકમાં ત્રણ દિવસના મેઘ વિરામ બાદ આજે પુનઃ વાતાવરણમાં પલટો આવ્યો છે. સવારથી વરસાદી વાદળોની જમાવટ વચ્ચે વહેલી સવારે છએક વાગ્યે હળવું ઝાપટું વરસી ગયું હતું. સરકારી ચોપડે બે મિલીમીટર વરસાદ નોંધાયો છે આ ઉપરાંત જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં પણ સવારે બે મી.મી. વરસાદ વરસ્યો છે.

## કલ્યાણપુર નજીક પૂરપાટ જતા છકડાની અડફેટે બાઈક ચાલકનું મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૫

કલ્યાણપુર તાલુકાના દેવળીયા ગામે રહેતા નટુભાઈ ભગવાનજીભાઈ અંકલેશ્વરીયા નામના ૫૮ વર્ષના પ્રૌઢ ગત તારીખ ૪ ના રોજ પોતાના જી.જે. ૧૦ એ.કે. ૨૮૯૮ નંબરના મોટરસાયકલ ઉપર બેસીને પોતાના ગામે પરત આવી રહ્યા હતા. ત્યારે ચાચલાણા અને દેવળીયા ગામ વચ્ચેના માર્ગે પુરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૧૦ ટી. ૬૬૫૫ નંબરના છકડો રીક્ષાના ચાલક નવીનભાઈ ગોરએ પોતાનો છકડો ગફલતભરી રીતે ચલાવી અને નટુભાઈ અંકલેશ્વરીયાના મોટર સાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. જેના કારણે તેમને માથાના ભાગે તથા શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નીપજ્યું હતું. આ બનાવ અંગે પરેશભાઈ ગુમાનસંગ અંકલેશ્વરીયા (ઉ.વ. ૪૫, રહે. રાવલ)ની ફરિયાદ ઉપરથી કલ્યાણપુર પોલીસે છકડા રીક્ષાના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

## આવતીકાલ શનિવારથી અષાઢી નવરાત્રીનો પ્રારંભ

એક વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. તેમાં અષાઢ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી કહેવામાં આવે છે. આ વર્ષે અષાઢ નવરાત્રીનો પ્રારંભ અષાઢ સુદ એકમને શનિવાર તા.૬-૭-૨૪થી થશે. જ્યારે નવરાત્રી તારીખ ૧૫ જુલાઈ અષાઢ શુદ નોમના દિવસે પૂર્ણ થશે. આ વર્ષે અષાઢી નવરાત્રી ત્રીજ તિથિની વૃદ્ધિ હોવાથી નોરતા નવને બદલે દસ દિવસ ચાલશે પરંતુ નોરતું વધે તે શુભ ગણવામાં આવે છે. જ્યારે અષાઢી નવરાત્રી દરમ્યાન અષાઢી બીજના દિવસે રવિ પુષ્યમૃત યોગ છે. આ પણ માતાજીની ઉપાસના કુળદેવીની ઉપાસના માટે શુભ અને ઉત્તમ છે. આ દિવસે શ્રી યંત્રની પૂજા કરવી, શ્રી સૂક્તના પાઠ કરવા, કુળદેવીની પૂજા કરવી, જપ કરવા ઉત્તમ ફળ આપનાર બનશે. અષાઢી નવરાત્રી ખાસ કરીને આસામમાં ઉજવવામાં આવે છે. કામેરૂ દેશ આસામને કહેવામાં આવે છે અને કામાખ્યા માં માતાજી માં કામાક્ષી પૂજા કરવામાં આવે છે. ખાસ કરીને અષાઢી નવરાત્રી દરમ્યાન તંત્ર પૂજા તુરંત ફળ આપનાર બને છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી

# સીનીયર સીટીઝન મંડળ જૂનાગઢ દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ

જૂનાગઢ, તા.૫

સીનીયર સીટીઝન મંડળ જૂનાગઢ દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે તે અંતર્ગત પ્રમુખ જે.બી. માકડના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૨૦૦૦થી વધુ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે જેથી તા.૩/૭/૨૦૨૪ના રોજ જૂનાગઢની ટીંબાવાડી પ્રાથમિક શાળાના ધોરણ છ થી આઠના દરેક બાળકોને વિદ્યાદાન પેટે એક શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું જેમાં બે ફુલ



સ્કેપના ચોપડા તેમજ બોલપેન અને સ્ટેશનરી કીટનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમની શરૂઆત ધોરણ એકથી પાંચના નાના વિદ્યાર્થીઓને બિસ્કીટનું વિતરણ કરી કરવામાં આવી હતી. ટીંબાવાડી પ્રાથમિક શાળા ખાતે બાળકોને સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું તે સમયે જૂનાગઢ જિલ્લાના દિવ્યાંગ બાળકો માટે કામ કરતા જુનાગઢ જીલ્લા આઈઈડી કોઓર્ડીનેટર ગોપાલભાઈ પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા જેમના હાથે બાળકોને સ્ટેશનારી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ટીંબાવાડી પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ દરેક સ્ટાફનો સારો સહયોગ જોવા મળ્યો હતો. ટીંબાવાડી પ્રાથમિક શાળા ખાતે શૈક્ષણિક કીટ વિતરણના કાર્યક્રમ સફળ બનાવવા માટે ટ્રસ્ટી રમેશભાઈ મહેતા, ધનેશભાઈ રાજયગુરૂ તેમજ કાર્યકર કિરનભાઈ રાજ્યગુરૂ, વ્યાસભાઈ અને ચંદ્રિકાબેન મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# મગફળીમાં આવતા સફેદ ઘૈણ(મુંડા) સામે તકેદારીના પગલા લેવા ખેડૂતોને કૃષિ યુનિવર્સિટીની સલાહ

જૂનાગઢ, તા.૫

સૌરાષ્ટ્રમાં મગફળીનુ વાવેતર વધુ જોવા મળે છે અને આ પાકમાં જૂનાગઢ તથા આસપાસના વિસ્તારોમાં મગફળીમાં સફેદ ઘૈણ(મુંડો)નો ઉપદ્રવ વધુ જોવા મળે છે. તેને અનુલક્ષીને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટિમાં સંશોધન નિયામકશ્રી ડૉ. આર.બી.માદરીયા અને જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા, કિટશાસ્ત્ર વિભાગના સહ સંશોધન વૈજ્ઞીનિક ડૉ. ડી.એમ.જેઠવા દ્વારા મગફળીનું વાવેતર કરતા સર્વે ખેડુતોને



સફેદ ઘૈણ(મુંડા) ના નિયંત્રણ માટે જૂનાગઢ કૃષિ પ્રાથમિક અખતરાઓ તેમજ ભલામણના આધારે કેટલાક ઉપાયો જણાવેલ છે. ખેતરના શેઢાપાળા પરના ઝાડ પર સફેદ ઘૈણના પુખ્ત ઢાલિયા કીટકોના નિયંત્રણ માટે ક્લોરપાયરીફોસ ૨૦ ટકા ઈ.સી. દવાનો (૧૫ લીટર પાણીમાં ૨૦ મીલી પ્રમાણે) છંટકાવ કરવો. સફેદ ઘૈણના પુખ્ટ કીટકને પકડવા રાત્રીના સમયે પ્રતિ વિઘામુજબ પ્રકાશ પિંઝર ગોઠવવા. મુંડો અસરકારક રીતે દુર કરવા વિઘે ૧.૫ કિલો ગીર સાવજ બ્યુવેરીયા અથવા ગીર સાવજ મેટારીઝીયમ ૫૦ કિલો એરંડીના ખોળ સાથે ભેળવી જમીનમાં આપવું. મગફળીના ઉગવાના ૩૦ થી ૩૫ દિવસ બાદ ૧.૫ કિલો ગીર સાવજ બ્યુવેરીયા અથવા ગીર સાવજ મેટારીઝીયમ એક વિઘા મુજબ જમીનમાં પાણી સાથે આપવા. અને જો ઉભા પાકમાં ઉપદ્રવ જોવા મળે તો ક્લોરપારીફોસ ૧૦જી દાણાદાર દવા ૧ થી ૧.૫ કિલો પ્રતિ વિઘા મુજબ અથવા કાર્બોફ્યુરન ૩ જી દાણાદાર દવા ૪-૫ કિલો પ્રતિ વિઘા મુજબ રેતી સાથે ભેળવી જમીનમાં આપી શકાય તેમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટિની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કોડીનારનાં ઘાંટવડ ગામમાં આંખલાઓનાં આંતકથી લોકો ત્રાહિમામ

## અત્યાર સુધીમાં ૧૫થી વધુ લોકોને ઢીકે ચડવ્યા તંત્રને અનેક વખત રજુઆત છતાં આખલાનો આંતક યથાવત

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૫



કોડીનાર તાલુકાના ઘાંટવડમાં રખડતા ઢોર અને આખલાઓના આતંકના કારણે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. ઘાંટવડ ગામમાં જતા રસ્તા ઉપરના મુખ્ય પુલ ઉપર, મેઈન બજાર, રૂદ્રેશ્વર મંદિર રોડ અને ગામનું મુખ્ય સ્થળ જગાત નાકા વિસ્તાર અહી લોકોની અવરજવર અને ખૂબ ટ્રાફિક વાળો ગીચ વિસ્તાર ગણાય છે અહી લોકો ખુબ પ્રમાણમાં સાંજનાં સમય લોકો અટાણું કરવા આવતા હોય છે. જગાત નાકામાં માર્કેટ હોવાથી લોકો ખુબ પ્રમાણમાં હોય છે ત્યાંજ સૌથી વધારે ઢોરનો ત્રાસ જોવા મળી રહયો છે. રાહદારીઓ નાના બાળકો તેમજ મોટી ઉંમરના લોકોચાલીને નીકળવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ટ્રાફિકને અડચણ આવી ગંભીર મુશ્કેલીઓનો ઘણા સમયથી ઘાંટવડની પ્રજા સહન કરી રહેલ છે તેમજ બાપા સીતારામ બસ સ્ટેશન તથા કોળી ચોરા તથા જૂના બસ સ્ટેશન અને ગામની મેઈન બજાર સહિત ઘાંટવડના અન્ય વિસ્તારમાં આખલાઓ રોડ ઉપર કબજો જમાવીને બેસે તેના લીધે ટ્રાફિક જામ થાય છે અને વાહન ચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગ્રામજનો દ્વારા તંત્રને અનેક વાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી તેમજ ગ્રામ પંચાયતનાં સરપંચ તથા ઊપસરપંચ તેમજ તલાટી મંત્રી સહીત તમામ સભ્યોને ગામના જાગૃત નાગરિક શબ્બીરભાઈ સેલોત દ્વારા રજૂઆત કરવામાં આવી છે પણ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે અત્યાર સુધીમાં ઘાંટવડ ગામમાં આખલાનાં આંતકથી ૧૫ થી વધુ લોકોને આખાલાએ ઢિકે ચડાવ્યા છે તે પણ તંત્ર જાણે જ છે છતાં પણ આખે પાટા બાંધીને અંધ બનવાનું નાટક કરે છે. બાળકો સ્કૂલે જવાથી ડરી રહ્યા છે અને લોકો ઘરની બહાર નીકળવામાં પણ વિચાર કરી રહ્યા છે એટલા બધી આખલાએ લોકોને બંધક બનાવી દીધા હોય એવું ગામમાં દેખાઈ રહ્યું છે. બે દિવસ પહેલા પણ વિદ્યાર્થીઓને આખલાઓએ ઢિકે ચડાવી ઉલાળીયો કર્યો હતો તેમજ ૧૦ દિવસ પહેલા પણ મેઈન બજારમાં એક વૃદ્ધ મહિલા ઉપર પણ જીવલેણ હુમલો કર્યો હતો છતાં પણ તંત્ર અજાણ છે અને રાહ જોઈ રહ્યું છે કે આ આંતકી આખલાઓ ક્યારે લોકોનો જીવ લઈ લે પછી આખલાઓને પકડવાની કામગીરી શરૂ કરીએ પણ હકીકતમાં ઘાંટવડ ગામમાં આ શરમજનક સ્થિતિમાં જોવા મળી રહી છે. હવે જોઈ રહ્યું આ તંત્ર ક્યારેય ગામને આખલાના ત્રાસમાંથી મુક્ત કરાવશે તેની લોકો રાહ જોઈ રહ્યા છે.

# માધ્યમિક શાળા દુધાળા ગીરમાં એચડીએફસી બેંક વિસાવદરના સહયોગથી વૃક્ષારોપણ કર્યું

જૂનાગઢ, તા.૫

આપણે સૌએ થોડા સમય પહેલા (નજીકના ભૂતકાળમાં) અસહ્ય ગરમીનો અનુભવ કર્યો. દિન-પ્રતિદિન તાપમાનમાં વધારો થઈ રહ્યો છે ત્યારે 'પાણી પહેલાં પાળ બાંધવા' માટે હાલ ચોમાસાની ઋતુ શરૂ થયેલી હોય આપણે સૌ વૃક્ષારોપણ કરીશું તો આવનારા ભવિષ્યમાં તાપમાનને ઘટાડી શકીશું આ ઉમદા વિચારને ધ્યાનમાં રાખી આ શાળાના આચાર્ય ડો.કોકિલાબેન આર. ઉંધાડે એચડીએફસી બેંકના સહયોગથી શાળામાં લીમડો, વડ, પીપળો, પીપળ અને આસોપાલવ વગેરે ૨૦ થી વધુ વૃક્ષોનું વિશાળ શાળાના મેદાનમાં એચડીએફસી બેંકના મેનેજર તેમજ તેમના સસ્ટાફ સાથે



શાળાનો સ્ટાફ અને શાળાના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું. દરેક વૃક્ષને નામ આપવામાં આવ્યું તેમજ શાળાના વિદ્યાર્થીઓનું ગ્રુપ બનાવી વૃક્ષો દતક આપી દરરોજ વૃક્ષની સંભાળ રાખવા શાળાના આચાર્ય ડૉ. કોકીલાબેન ઉંધાડ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી અને માર્ગદર્શન આપી પ્રેરિત કર્યા હતા. આ તકે બેંક મેનેજર તેમજ તેની પૂરી ટીમનો શાળા પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં આ શાળાને જરૂરી સુવિધા તથા બાળકોના વિકાસ માટેની સગવડ આપવાની બેંક મેનેજરે ખાતરી આપી ખરેખર એચડીએફસી બેંક વિસાવદરના આ ઉમદા કાર્યોને શાળા પરિવાર બિરદાવે છે તેમજ આભાર વ્યક્ત કરે છે.

# માળીયા હાટીના તાલુકાના અમરાપુર, આબલગઢ, કાત્રાસા, જલંધર ગામે વિજ ધાંધીયાથી લોકો ત્રાહિમામ

(રમેશ કારીયા દ્વારા)

અમરાપુર, તા.૫

માળીયા હાટીના અમરાપુર, આબલગઢ, કાત્રાસા, જલંધર ગામે છેલ્લા ૩ દિવસથી છાશવારે વીજ પુરવઠો બંધ થતાં ઉપરના ૪ ગામોના સરપંચો દ્વારા વીજ તંત્રના અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરી નિયમિત વિજ પુરવઠો લોકોને મળે તેવી માંગ કરવામાં આવી છે. હાલ ૬૬ કેવી સબસ્ટેશન અમરાપુર ગામેથી એકજ ફીડરમાં ૪ ગામોને જોડી પાવર સપ્લાય કરવામાં આવે છે જેના કારણે એક ગામમાં વીજ ફોલ્ટ થાય ત્યારે ૪ ગામોમાં વિજ પુરવઠો બંધ થાય છે. આબાબતે અનેક વખત વિજ તંત્રના અધિકારીઓને રજૂઆતો કરવામાં આવી છે પરંતુ તંત્ર દ્વારા નકર કામગીરી કરવામાં આવી નથી તેમજ ચોમાસા પહેલા કરવામાં આવતી પ્રીમોનસુન કામગીરીના દાવા તંત્રના પોકળ સાબિત થયા છે અને છાસવારે વીજળી ગુલ થાય છે અને જયારે વીજળી ગુલ થાય ત્યારે વિજ કચેરીના જવાબદાર કર્મચારીઓ ફોન રિસિવ કરતા નથી. ૪ ગામને મળતો વિજ પુરવઠો અલગ ડીપીથી આપવામાં આવે તો આ પ્રશ્ન હલ થઈ શકે છે પરંતુ વિજ તંત્રના બહેરા કાને લોકોની વેદના સંભળાતી નથી.

# યાત્રાધામ બેટ-દ્વારકા ખાતે શ્રી અભ્યાય માતાજી મંદિરે નવનિર્મિત પ્રવેશ દ્વારનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૫

યાત્રાધામ બેટ-દ્વારકા ખાતે સ્થિત પૌરાણિક શ્રી અભ્યાય માતાજી મંદિરનાં નવનિર્મિત પ્રવેશ દ્વારનું રાજ્યનાં કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરાનાં વરદહસ્તે રાખવામાં આવેલ છે. આગામી તા.૭ને રવિવારને અષાઢી બીજનાં દિવસે સવારે ૧૦ કલાકે આ કાર્યક્રમ મંદિર કાર્યવાહક સમિતિ દ્વારા આયોજિત કરેલ છે.



# ચેક રિટર્નના કેસમાં આરોપીને બે વર્ષની જેલની સજા તથા રૂપિયા ૧૯,૮૦,૦૦૦નો દંડ ફટકારતી વિસાવદર કોર્ટ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૫

નામદાર વિસાવદર કોર્ટે દ્વારા ફોજદારી કેસ નં.૧૯૩/૧૮ ના કામે ચેક રિટર્નના કેસમાં આરોપીને બે વર્ષની જેલની સજા તથા ચેકની રકમનો બમણો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે. કોર્ટના આ હુકમથી સમગ્ર પંથકમાં ચેક આપનાર આરોપીઓમાં ફાફડાટ ફેલાયો છે. આ સમગ્ર કેસની હકીકત એવી છે કે વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામે રહેતા અને ખેતી કામ કરતા દિનેશભાઈ ગોવિંદભાઈ સતાસિયાએ આ ગુનાના આરોપી ગોવિંદભાઈ ટપુભાઈ ગોંડલીયા રહે.ગુંદાળા(ગીર) તા.મેંદરડા વાળા સાથે છોડવડી ગામ મુકામે ભાગીદારીમાં સાદીયાવાવ તળાવ બનાવવાનો પેટા કોન્ટ્રાકટ રાખેલ હતો અને આ કામ બાબતે બંને પક્ષકારો વચ્ચે લેખિત કરાર પણ કરવામાં આવેલ હતો. આ તળાવ બનાવવાનું સમગ્ર કામ પૂર્ણ થતા બંને પક્ષકારો વચ્ચે નફા-નુકસાનીનો હિસાબ કરવામાં આવેલ હતો અને આ હિસાબ મુજબ ફરિયાદીની બાકી લેણી નીકળતી રકમ રૂા.નવલાખ નેવું હજાર (રૂ.૯૯૦૦૦૦)ની ચુકવણી કરવા માટે આરોપીએ ફરિયાદી દિનેશભાઈ ગોવિંદભાઈ સતાસિયાને રૂપિયા નવ લાખ ૯૦ હજારનો ચેક આપેલ હતો. ફરિયાદીએ ચેકની તારીખે આ ચેક બેંકમાં વટાવવા નાખતા આરોપીના ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી આ ચેક 'અનસફીન્સિયન્ટ બેલેન્સ'ના શેરા સાથે ચેક રિટર્ન થયો હતો અનો ચેક રિટર્ન થતા ફરિયાદીએ પોતાના વકીલ મારફત આરોપીને કાનૂની નોટીસ આપી હતી.



આ લીગલ નોટિસ આરોપીને મળી જવા છતાં પણ આરોપી તરફથી ફરિયાદીને ચેક વાળી રકમ ન ચૂકવવામાં આવતા ફરિયાદીએ પોતાના એડવોકેટ નિતેશભાઈ આર. દવે મારફત વિસાવદર કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી અને આ સમગ્ર કેસ વિસાવદર કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ નિતેશભાઈ દવેએ નેગોસિએબલ ઈન્સ્ટૂમેન્ટની કલમ ૧૩૮ની વિવિધ જોગવાઈ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના વિવિધ ચુકાદોઓ ટાંકીને કાયદાકીય વિસ્તૃત દલીલો કરતા નામદાર વિસાવદર કોર્ટ દ્વારા આરોપી ગોવિંદભાઈ ટપુભાઈ ગોંડલીયા રહે. ગુંદાળા (ગીર) તા.મેંદરડા વાળાને બે વર્ષની જેલની સજા તથા રૂપિયા ૧૯ લાખ ૮૦ હજાર (રૂ.૧૯૮૦૦૦૦) નો દંડ ફટકારતો હુકમ કરવામાં આવેલ હતો. આ કોર્ટના આ હુકમથી સમગ્ર વિસાવદર પંથકમાં ફફડાટ ફેલાયો છે.



'નીટ...નીટ' વાંચીને આબુ અને દિવની યાદ આવી જાય છે !



આ નીટની પરીક્ષાએ તો આપણી પરીક્ષા લઈ લીધી !



આપણે નવો પક્ષ સ્થાપી 'પક્ષ પ્રવેશોત્સવ' ઉજવશું ..!

# માણાવદર કષ્ટભંજન હનુમાન મંદિરે આજે ભવ્ય લોક ડાયરાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૫

માણાવદર શહેર તથા તાલુકાની જનતાને જણાવતા હર્ષ થાય છે કે શ્રી રામદેવ પીર મંડપ ઉત્સવ સમિતિ માણાવદરના સહયોગથી ગાય માતાનાં લાભાર્થે ભવ્ય લોક ડાયરાનું આજ તા.૫/૭/૨૦૨૪ને શુક્રવારનાં રોજ રાત્રિનાં ૯ કલાકે શ્રી કષ્ટભંજન હનુમાન મંદિર તેમજ વાછરા ડાડાનાં મંદિરનાં સાનિધ્યમાં આયોજન કરવા આવેલ છે. આ લોક ડાયરાનાં કલાકર ઉમાબેન ગઢવી તથા મનહરદાન ગઢવી તથા ગોપાલ બારીયા તથા ભીખુદાન ખરેડ અને જયેશભાઈ ચાવડા (ગોરા રાસ) તેમનાં સાંજીદા દ્વારા તેમની કલાનું ભવ્ય દર્શન કરવામાં આવશે તેમ અર્જુન ભગતની યાદીમાં જણાવેલ છે તેમજ સાંજે ૬:૦૦ વાગે મહા પ્રસાદી રાખેલ છે તો આ ભવ્ય લોક ડાયરાને માણવા આયોજકો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# નીટ મામલે બોધપાઠરૂપી સજા સાથે નક્કર નિર્ણય થવો જરૂરી

ભારત દેશના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપીને નોકરી મેળવવા માટે વર્ષો સુધી તપશ્ચર્યા કરતા હોય છે અને છેલ્લી ઘડીએ પરીક્ષાખંડમાં જાય ત્યારે ખબર પડે કે પેપર લીક થઈ ગયું છે અને કાં તો પરીક્ષા મોકૂફ થાય છે અથવા તો રદ થાય છે. અને ત્યારબાદ તારીખ પર તારીખનો સિલસિલો ચાલતો રહે છે. ક્યારેક પરીક્ષા લેવાઈ ગયા બાદ રદ થઈ જાય છે, તો ક્યારેક પરિણામ આવી ગયા બાદ સમગ્ર ભરતી-પ્રક્રિયા રદ થઈ જાય છે. એનું કારણ એ છે કે કેટલાંક મુઠ્ઠીભર કૌભાંડીઓ ષડયંત્ર રચે છે. કરોડો રૂપિયાની કમાણી કરવાની લ્હાયમાં તેઓ નિર્દોષ યુવાનોની કારકિર્દીને હોડમાં મૂકીને કેટલાક ગરજવાન નોકરીવાંચ્છુઓને પોતાની માયાજાળમાં ફસાવીને રોકડી કરી નાખે છે.

ત્યારે હકીકત એ છે કે કમ સે કમ ૧૪૦ કરોડની વસ્તી ધરાવતા આ દેશમાં મેડિકલ કૉલેજમાં અભ્યાસ માટે કુલ સવા લાખ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જે પૈકી ૫૫ હજાર બેઠકો સરકારી કૉલેજોની છે. જ્યારે બાકીની ૭૦ હજાર બેઠકો ખાનગી સંસ્થાઓની છે કે જ્યાં નફાખોરી ચાલતી હોય છે. દા.ત. સરકારી કૉલેજોમાં પ્રવેશ મળે તો વિદ્યાર્થીને દર વર્ષે ૫૦ હજારથી લાખ રૂપિયા એટલે કે પાંચ વર્ષમાં પાંચથી સાત લાખ રૂપિયામાં શિક્ષણની ફી ભરીને એક આશાસ્પદ યુવાન ડૉક્ટર બની શકે છે. હોસ્ટેલ અને અન્ય ખર્ચા અલગ થતા આ ખર્ચ સામાન્ય પરિવારને પોસાય તેમ છે. જ્યારે ખાનગી મેડિકલ કૉલેજોમાં ફીનું પ્રમાણ ૩૦ લાખથી ૩ કરોડ સુધી પહોંચી જાય છે. અલબત્ત, માલેતુજાર વર્ગ ફી ઉપરાંત એક કે બે નંબરમાં ડોનેશન કે એનઆરઆઈ કે મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવી શકે છે. અલબત્ત, આ તમામ પ્રક્રિયા એક સિસ્ટમ આધારિત છે. અને મોટેભાગના પ્રવેશ નીટમાં મેળવેલા સ્કોર આધારિત હોય છે. ૨૦૧૬થી સમગ્ર દેશમાં નીટ આધારિત મેડિકલ કૉલેજોમાં પ્રવેશ પ્રક્રિયાની પદ્ધતિ શરૂ થઈ છે.

આ પરીક્ષાપદ્ધતિમાં અત્યાર સુધી ગેરરીતિના આક્ષેપો થતા હતા. પરંતુ આ વખતે પાક્કા પાયે ગેરરીતિઓ પકડાઈ રહી છે અને હવે શંકા એવી જાય છે કે ટોપ ટુ બોટમ સુધી સંડોવણી ન હોય તો આ પ્રકારનાં કૌભાંડ શક્ય જ નથી. ઉદાહરણ તરીકે નીટની પરીક્ષાની જાહેરાત ૯ ફેબ્રુઆરીએ થઈ અને ૯મી માર્ચ સુધીમાં ફોર્મ ભરવાની આખર તારીખ હતી, છતાં પણ આ તારીખ ચાર વખત લંબાવવામાં આવી. એટલું જ નહીં, વિદ્યાર્થીઓને કેન્દ્ર બદલવાની પણ છૂટ મળી ગઈ. દા.ત. ગુજરાતના ગોધરા ખાતે ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર, બિહારના યુવાનો પરીક્ષા આપવા આવી પહોંચ્યા, કારણ કે તેઓને વડોદરા ખાતેની એક એજન્સીએ લાખો રૂપિયા લઈને નીટમાં પાસ કરાવવાની ગેરન્ટી આપી હતી? તપાસમાં અત્યારે જે માહિતી મળી રહી છે એ અનુસાર વડોદરાની એક કન્સલ્ટન્સી કંપનીએ નીટમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓને એડવાન્સમાં રૂપિયા લઈને લલચાવ્યા હતા અને તેઓની મોડસ ઓપરેન્ડી એ હતી કે વાલીઓ પાસેથી રૂપિયા લઈને પરીક્ષા કેન્દ્રો પર સુપરવાઇઝર અને ડેપ્યુટીને ફોડી નાખી પરીક્ષા પૂરી થાય ત્યારબાદ વિદ્યાર્થીઓ જતા રહે ત્યારે જે વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા લીધા હોય તેઓના પેપરમાં '.સ્.ઇ. જીરીં'માં પોતાની જાતે સાચા ઉત્તરો લખી દેવાતા હતા?

દેશભરમાં આ પ્રકારનાં કૌભાંડો આચરવામાં આવ્યાં હોય તો નવાઈ પામવા જેવું નથી, કારણ કે આ વખતે આ પરીક્ષામાં પહેલી વખત ૭૨૦માંથી ૭૨૦ એટલે કે ૧૦૦ ટકા માર્ક્સ લાવનારા ટોપર્સની સંખ્યા ૬૭ જેટલી છે. હકીકત એ છે કે ૨૦૨૦ની સાલમાં માત્ર બે વિદ્યાર્થીઓ, ૨૦૨૧માં ત્રણ, ૨૦૨૨માં શૂન્ય, ૨૦૨૩માં માત્ર બે, અને ૨૦૨૪માં એક સાથે ૬૭ વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા માર્ક્સ શી રીતે લાવી શકે? બીજી બાબત એ પણ છે કે હરિયાણાના એક કેન્દ્રમાં છ વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા માર્ક્સ લઈ આવ્યા, તો બિહારમાં પરીક્ષાની આગલી રાતે પેપર ફૂટયું હોવાના પુરાવા મળ્યા છે. એટલું જ નહીં, બિહારની પોલીસે ૧૩ જેટલા કૌભાંડીઓની ધરપકડ કરી છે અને તેમણે પેપરલીક થયાનું સ્વીકાર્યું પણ છે. સાથોસાથ આ કૌભાંડમાં અગાઉ કદી ન જોવા મળી હોય તેવી ગ્રેસ માર્ક્સની લ્હાણી પણ થઈ હતી, જે પાછળથી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી વખતે રદ કરાઈ હતી. તબીબી ક્ષેત્રની આ સૌથી મહત્વની પ્રવેશ પરીક્ષાની પવિત્રતા અને વિશ્વનીયતાને આ કૌભાંડીઓએ અભડાવી દીધી છે. જે યુવાનો ના-લાયક હોવા છતાં રૂપિયાના જોરે મેડિકલ જેવા પવિત્ર ક્ષેત્રમાં પ્રવેશ લેશે, તો આ ક્ષેત્રને પવિત્ર વ્યવસાય બનાવવાને બદલે ધંધો શરૂ કરશે, જે જોખમી અને ભયાનક બની શકે છે.

કમનસીબે દેશના યુવાધનની કારકિર્દી સાથે ચેડાં કરનારા કૌભાંડીઓને કોઈ નીતિ-નિયમો કે નૈતિકતા નડતી નથી. એ પ્રક્રિયામાં લાખ્ખો વિદ્યાર્થીઓને અન્યાય કરી નાખે છે. પરંતુ આ વર્ષે તેમનું પાપ છાપરે ચડીને પોકારી રહ્યું છે ત્યારે હવે સમયનો તકાદો છે કે લાખ્ખો વિદ્યાર્થીઓને અન્યાય ન થાય એ હેતુથી દાખલો બેસે એવી સજા સાથે નીટ મામલે નવો નિર્ણય થવો જોઈએ.

### મુંબઈમાં વિજયી પરેડમાં હજારો ફેન્સ ઉમટી પડ્યા

# T20 ચેમ્પિયન ટીમ ઈન્ડિયાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

## મરીન ડ્રાઈવથી વાનખેડે સ્ટેડિયમ સુધી ખુલ્લી બસમાં ભારતીય ટીમની વિજયી પરેડ કરવામાં આવી હતી






મુંબઈ, તા.૫

બારબાડોસમાં ટી૨૦ વર્લ્ડ કપ જીતીને ભારતીય ક્રિકેટ ટીમ ગુરૂવારે ભારત પરત આવી હતી. ભારતીય ટીમ દિલ્હી એરપોર્ટ પર ઊતરી હતી અને ચેમ્પિયન ખેલાડીઓને જોવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ઉમટ્યા હતા. રોહિત શર્માની આગેવાનીવાળી ભારતીય ટીમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મળવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. ટીમ વડાપ્રધાન મોદીને મળી હતી અને તેમની સાથે વાતચીત કરી હતી. ભારતીય ટીમે ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને સાત રને પરાજય આપ્યો હતો. ભારતીય ટીમ સાંજે મુંબઈ પહોંચી હતી જ્યાં મરીન ડ્રાઈવ પર ખુલ્લી બસમાં તેમની પરેડ કાઢવામાં આવી હતી. ટીમને ત્યાંથી વાનખેડે સ્ટેડિયમ લઈ જવામાં આવી હતી. ચેમ્પિયન ટીમના સ્વાગતમાં મરીન ડ્રાઈવ પર લાખોની સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ઉમટી પડ્યા હતા.

બારબાડોસમાં ભારતીય ટીમે ગત શનિવારે ફાઈનલ રમી હતી. જોકે, વાવાઝોડાના કારણે બારબાડોઝને શટડાઉન કરવું પડ્યું હતું અને ટીમને પણ ત્યાં રોકાવું પડ્યું હતું. તેઓ બારબાડોસમાં હોટલમાં રોકાયા હતા. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ જય શાહે સ્પેશિયલ ચાર્ટર ફલાઈટની વ્યવસ્થા કરી હતી અને તેમાં ભારતીય ટીમ ટ્રોફી સાથે પરત ફરી. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભીડને કાબૂમાં રાખવા માટે ભારે સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.

દિલ્હીથી ભારતીય ટીમ મુંબઈ પહોંચી હતી જ્યાં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વરસાદી વાતાવરણ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો ત્યાં ઉમટ્યા હતા. ઉજવણીની શરૂઆત એરસાઈડ પર ગાર્ડ ઓફ ઓનર સાથે થઈ હતી અને 'ફોલો મી' કાર ટીમ એરક્રાફટને એરપોર્ટ ટર્મિનલ સ્ટેન્ડ સુધી લઈ જતી હતી. ત્યાં તેને સ્પેશિયલ 'વોટર સેલ્યુટ' આપવામાં આવી હતી અને ત્યારબાદ ટીમ પ્લેનમાંથી ઉતરી. ટીમના તમામ સભ્યોનું આગમન કોરિડોરમાં તેમના પર ફૂલોની વર્ષા કરીને સ્વાગત કરવામાં આવ્યું. એરપોર્ટ પર મેન ઈન બ્લુ માટે રેડ કાર્પેટ પાથરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ત્રિરંગાના શેડ્સથી શણગારેલા ટર્મિનલ પર કેક કાપવાની ઉજવણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ભારતીય ટીમે ૧૭ વર્ષ બાદ ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો છે. ભારતે ૨૦૦૭માં પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપમાં ધોનીની આગેવાનીમાં ટ્રોફી જીતી હતી. ત્યારબાદ છેક ૧૭ વર્ષ બાદ ૨૦૨૪માં ટીમ રોહિતની આગેવાનીમાં ટી૨૦ ચેમ્પિયન બની છે. રોહિતની આગેવાનીમાં ભારતીય ટીમ વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલમાં પહોંચી હતી પરંતુ ચેમ્પિયન બની શકી ન હતી. ટી૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ કેપ્ટન રોહિત શર્મા અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ટી૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. જ્યારે તેના એક દિવસ બાદ રવિન્દ્ર જાડેજાએ પણ આંતરરાષ્ટ્રીય ટી૨૦ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો હતો. ટી૨૦ વર્લ્ડ કપ ટીમના કોચ રાહુલ દ્રવિડનું ટીમ ઈન્ડિયા સાથેનું છેલ્લુ એસાઈન્મેન્ટ હતું. હવે રાહુલ દ્રવિડના સ્થાને નવા કોચ આવશે.

## ખંભાળિયાના કંચનપુર ગામે ધ્વજારોહણ કાર્યક્રમ



(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા તાલુકાના કંચનપુર ગામે બિરાજતા શ્રી મોડપીર ડાડા તથા જામ શ્રી આબળા ડાડાની ૫૨ ગજની ધ્વજારોહણ તથા મહાપ્રસાદનું આયોજન કંચનપુર ગામના સમસ્ત ઘાવડા પરિવાર દ્વારા આગામી ૭ મી ના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે ૯ વાગ્યે નૂતન ધ્વજારોહણ અને બપોરે ૧૨ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. જેનો લાભ લેવા સમસ્ત ઘાવડા પરિવારજનોને આયોજકો વતી ઉપેન્દ્રભાઈ ઘાવડા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાં ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી આરોગ્ય વિભાગ દ્વારા જાગૃતિ કાર્યક્રમો યોજાયા





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ગુજરાત રાજ્ય સાથે ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં જુલાઈ માસ ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ખંભાળિયા તાલુકાના બજાણા પી.એચ.સી. હેઠળના બજાણા અને પીર લાખાસર ગામે સરકારી શાળા ખાતે ઉજવણી કરી, શાળાના બાળકોને પાણીજન્ય રોગો જેવા કે કમળો, ઝાડા, ઉલટી, કોલેરા વિગેરે રોગો થવાની પૂરી શક્યતા છે. જેથી તેને અટકાવવા માટેના પગલા વિશે સમજ આપવામાં આવી હતી. મચ્છર દ્વારા ફેલાતા મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકન ગુનિયા જેવા રોગો ફેલાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. હાલ ડેન્ગ્યુ માસ નિમિતે બજાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ ગામોમાં ડો. મેહુલ જેઠવા, મેડિકલ ઓફિસર જયશ્રીબેન અને સુપરવાઈઝર રાજુભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ ડેન્ગ્યુ રોગ અટકાયતી પાગલ લેવામાં આવી રહ્યા છે. દરેક ઘરોમાં સર્વે કરી, પાણી ભરાતા તમામ પાત્રોનો યોગ્ય નિકાલ કરી, મચ્છરના પોરાનો નાશ કરવા અને લોકોમાં આ રોગ અટકાવવા જ્યાં ચોખા પાણી કે ગંદા પાણીનો નિકાલ કરવા સૂચના આપવામાં આવે છે. ચોખા પાણીમાં ભરાવો થતાં ફ્રીઝની ટ્રે, પક્ષીકુંજ, અગાશી પર રહેલ ભંગારમાં, વાપરવાના પાણી સંગ્રહમાં, ટાયર પંચરની દુકાનમાં, વેસ્ટ ટાયરમાં વિગેરે મચ્છર ઉત્પતિ સ્થાનોનો નિકાલ કરવા તથા શાળાના બાળકોને મચ્છર જીવન ચક્ર વિશે સમજ આપી, મચ્છરના પોરાનો નાશ કરવા શાળામાં સેમિનાર કરી, સ્થાનિક શિક્ષકોના સહયોગથી બાળકોમાં સમજણ આપવામાં આવી હતી.

# ૯ જુલાઈથી લગ્નના મુહુર્તોની શરૂઆત થશે

અષાઢ સુદ ૩ને મંગળવાર તા.૯-૭-૨૦૨૪ના દિવસથી લગ્નના મુહુર્તોની શરૂઆત થશે. આ વર્ષે ગુરૂ-શુક્રના અસ્તના લીધે ઉનાળામાં મે તથા જુન મહિનામાં લગ્નના મુહુર્તો ન હતા પરંતુ હવે ૯ જુલાઈ મંગળવારથી ૬ જેટલા લગ્નના મુહુર્તો છે.

જુલાઈ મહિનાના લગ્નના મુહુર્તો તા.૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ ત્યાર બાદ તા.૧૭ જુલાઈને બુધવારે દેવપોઢી એકાદશી છે. અને જ્યોતીષના નિયમ પ્રમાણે દેવપોઢી જાય એટલે લગ્ન થઈ શકતા નથી. આથી આ વર્ષે હવે માત્ર ૬ લગ્નના મુહુર્તો છે. ત્યાર બાદ ૧૨ નવેમ્બરના દિવસે દેવદિવાળી છે અને દેવતાઓ જાગશે આથી ફરીથી હિન્દુ નવ વર્ષે લગ્નના મુહુર્તો આવશે.

નવેમ્બર ૨૦૨૪ના લગ્નના મુહુર્તો તા.૧૭, ૨૨, ૨૩, ૨૫, ૨૬ તેમજ ડિસેમ્બર ૨૦૨૪ના લગ્નના મુહુર્તો તા.૩, ૫, ૬, ૭, ૧૪ અને ત્યાર બાદ તા.૧૫-૧૨-૨૦૨૪થી તા.૧૪-૧-૨૦૨૫ સુધી કમુહુર્તા છે.

શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કષ્ટ આવતા પહેલા મનુષ્યની બુધ્ધિ વિપરીત બની જાય છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૩૦ દર્શ અમાવસ્યા તા.૫ જુલાઈ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૨૮, આર્દ્રા નક્ષત્ર, ધ્રુવ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૧૦, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ: નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન: જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

# રવિવારે અષાઢી બીજ અને રવિપૃષ્યામૃત યોગનો શુભ સંગમ

અષાઢી સુદ બીજને રવિવાર તા.૭-૭-૨૪ના દિવસે અષાઢી બીજ છે સાથે આખો દિવસ અને રાત્રી રવિપૃષ્યામૃત યોગ છે. આથી આ દિવસ વર્ષનો શ્રેષ્ઠ દિવસ ગણાશે.

ખાસ કરીને રવિપૃષ્યામૃતયોગનો સંયોગ બહુ ઓછો આવે છે. પુષ્ય નક્ષત્રમાં કોઈ શુભ ગુણમાં વૃધ્ધિ કરવાના યોગ છે. આથી આ વર્ષની અષાઢી બીજ ભગવાનની રથયાત્રા તથા ખરીદી માટે શુભ અને ઉત્તમ ફળ આપનાર રહેશે.

આ દિવસે વિષ્ણુ ભગવાન સાથે લક્ષ્મીજીનું પુજન કરવું. શ્રીયંત્રની ઉપર સાકરવારૂ દુધ ચડાવવું, શ્રી સ્કુકતના પાઠ કરવા.

કુળદેવીના મંત્ર જપ કરવા, ગ્રહ જપ કરવા, ગ્રહ શાંતી હવન, સત્યનારાયણ ભગવાનની કથા, રાંદલ-ગાયત્રી હવન જેવા દરેક પુજા પાઠ, જપ-તપ અનેકગણુ ફળ આપનાર બનશે. અને ખાસ કરીને આ દિવસે આખો દિવસ અને રાત્રી રવિપૃષ્યામૃત યોગ છે. આથી તેનો સંપુર્ણ લાભ મળશે.

અષાઢી બીજ : અષાઢી બીજના દિવસે ભગવાન નગર દર્શન આપવા નીકળશે. આથી આ દિવસ ઉત્તમ ગણાય છે. આ દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્યકર્મ કરી ત્યાર બાદ એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્રની ઢગલી કરવી તેના ઉપર શ્રીકૃષ્ણ ભગવાનની છબી રાખવી બાજુમાં ઘીનો દિવો કરવો ભગવાનને ચાંદલો ચોખા કરી, ફુલ ચડાવી, અબીલ ગુલાલ કંકુ ચડાવવા, ધુપ દિપ અર્પણ કરી નૈવૈદમાં મીઠાઈ ધરવી. સાથે મગ, કાકડી, કેરી, જાંબુનો પ્રસાદ પણ ધરી શકાય છે ત્યાર બાદ આરતી કરવી, ક્ષમા યાચના માંગવી આમ પુજા કરવાથી જીવનમાં શાંતી મળે છે.

આખા વર્ષમાં અષાઢી બીજ જ એવો દિવસ છે કે જે દિવસે ભગવાન શ્રીકૃષ્ણ, સુભદ્રા અને બલરામજી સાથે સાક્ષાત પૃથ્વી ઉપર દર્શન આપવા માટે આવે છે. આથી જ આ દિવસને ઉત્તમ ગણવામાં આવે છે.

આ દિવસે ભગવાન નગરયાત્રા કરી અને લોકોને દર્શન આપશે આમ રથયાત્રા થશે.

અષાઢી બીજના દિવસે કચ્છી લોકોના નવા વર્ષનો પ્રારંભ થશે. આ દિવસે કચ્છી લોકો એકબીજાના ઘરે જઈ અને નુતન વર્ષાભિનંદન કરશે અને ખાસ કરીને ભારતના દરેક નાના મોટા શહેર ગામમાં શ્રી કૃષ્ણ ભગવાન બહેન સુભદ્રા અને ભાઈ બલરામ સાથે રથયાત્રામાં ભગવાન નીકળશે.

આ દિવસે સોના ચાંદીની ખરીદી કરવી, પુજાના સામાનની ખરીદી કરવી, નવા વાહનની ખરીદી કરવી, જમીન-મકાન, દુકાનના સોદા કરવા, ઉદઘાટન કરવું, શુભફળ આપનાર બનશે.

૭ જુલાઈ રવિવારે અષાઢી તથા રવિપૃષ્યામૃત યોગના શુભ મુહુર્તોની યાદી ચોઘડીયા પ્રમાણે

દિવસના ચોઘડીયા : ચલ ૭-૫૦થી ૯-૩૧, લાભ ૯-૩૧થી ૧૧-૧૧, અમૃત ૧૧-૧૧થી ૧૨-૫૩, શુભ બપોરે ૨-૩૨થી ૪-૧૩

રાત્રીના ચોઘડીયા : શુભ ૭-૩૪થી ૮-૫૩, અમૃત ૮-૫૩ થી ૧૦-૧૩, ચલ ૧૦-૧૩ થી ૧૧-૩૨

બપોરે અભીજીત મુહુર્ત : ૧૨-૨૫થી ૧-૧૮

શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)

CMYK

# રાજ્યની ગ્રાન્ટેડ શાળાના વર્ગ વધારા માટેનું પોર્ટલ હજુ શરૂ ન થતાં મૂંઝવણ

**શાળા સંચાલક મંડળ દ્વારા વહેલી તકે પોર્ટલ શરૂ કરવા શિક્ષણ સચિવને રજૂઆત કરાઈ, વર્ગ વધારા, ક્રમિક વર્ગ અને નવા વર્ગની મંજૂરી માટે પોર્ટલ એક્ટિવ કરવાનું નક્કી થયું છે**

અમદાવાદ, તા.૫ રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નવા વર્ગ, વધારાના વર્ગ તથા ક્રમિક વર્ગની મંજુરી માટે પોર્ટલ એક્ટિવ કરવાનું નક્કી કરાયું હતું. પરંતુ હજુ સુધી પોર્ટલ એક્ટિવ કરવામાં આવ્યું ન હોવાથી સંચાલકો મુંઝવણમાં મુકાયા છે. જુલાઈ માસની શરૂઆત થઈ ચુકી છે ત્યારે આ પોર્ટલ વહેલી તકે એક્ટિવ કરવામાં આવે તો વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી શકાય તે માટે રાજ્યના શાળા સંચાલક મંડળ દ્વારા શિક્ષણ સચિવને રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય શાળા સંચાલક મહામંડળ-ગુજરાત પ્રદેશને જિલ્લા ઘટક મંડળો તરફથી મળેલા સૂચનો અને મૂંઝવણોને સંકલિત કરીને રાજ્યના શિક્ષણ સચિવને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા ગ્રાન્ટેડના વર્ગ વધારા સંદર્ભે છાપામાં જાહેરાત આપવામાં આવતી હોય છે. ત્યારબાદ માધ્યમિક શાળાઓ વર્ગ વધારા માટે અરજીઓ કરતી હતી. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાની સ્થળ તપાસ થતી હતી. સમગ્ર રાજ્યમાંથી ગ્રાન્ટેડના વર્ગ વધારાની સ્થળ તપાસના રિપોર્ટ કમિશ્નર કચેરીમાં મોકલવામાં આવતા હતા. ત્યારબાદ કમિશ્નર કચેરીમાં સંયુક્ત શિક્ષણ હોદ્દાવાળા ૫ અધિકારીઓની કમિટી રાજ્યની તમામ વર્ગ વધારાની અરજીઓ ઉપર નિયત માપદંડો મુજબ ચકાસણી કરીને મંજૂર નામંજૂર કરતા હતા.

આ સમગ્ર કાર્યવાહીમાં જે તે શૈક્ષણિક વર્ષનું બીજું સત્ર આવી જતું હતું અને પ્રથમ સત્ર મંજૂરી વગર અને શિક્ષણ વગર વર્ગ વધારો ચાલતો હતો. ૨૦૧૩માં શિક્ષણ વિભગનાં ઠરાવ અન્વયે નવા/ક્રમિક/વધારાના વર્ગ માટે નિયામક, શાળાઓની કચેરી દ્વારા નવા શૈક્ષણિક વર્ષથી પોર્ટલ એક્ટિવેટ કરવાનું રહેશે. શાળાઓ દ્વારા પોર્ટલ ઉપર ઓનલાઈન નવા/ક્રમિક/વધારાના વર્ગની નિયામક, શાળાઓની કચેરી નક્કી કરે તે મુજબના સ્વ-ઘોષણાપત્ર સાથે માંગણી કરવાની રહેશે અને મંજૂરીની પ્રક્રિયા ૩૧મી ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. આ મંજૂરીની સાથે શાળાએ પોર્ટલ પર દિન-૭માં વિષય અનુસાર શિક્ષણ સહાયક/જ્ઞાન સહાયકની માંગણી કરવાની રહેશે.

આ જોગવાઈ અન્વયે રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ માટે નિયામક, શાળાઓની કચેરી દ્વારા હજુ સુધી પોર્ટલ એક્ટિવ કરવામાં આવેલું નથી. જેથી રાજ્યની ગ્રાન્ટેડ શાળાના સંચાલકો દ્વિધામાં છે કે, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા / ક્રમિક / વધારાના વર્ગ વધારા આગામી ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષમાં મળશે કે કેમ તેની મુંઝવણ છે. જેથી સંચાલક મંડળ દ્વારા શિક્ષણ સચિવને આ પોર્ટલ વહેલી તકે કાર્યરત થાય જેથી કરીને રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકો પોતાની શાળામાં એડમિશન માટે આવતા માતા-પિતાને ના પાડવાને બદલે એડમિશન આપીને આર્થિક રીતે અને સામાજિક રીતે પછાત વર્ગના બાળકોને સારૂં શિક્ષણ મળી રહે તેવી જોગવાઈ ઊભી કરવા માંગ કરી છે.

# રાજ્યમાં પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવશે



ગાંધીનગર,તા.૫ ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે. તેમાં હવે કૃષિ વિભાગ દ્વારા શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહન મળે, તેવા આશયથી આ વર્ષે નવી યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી નવી યોજનાની માહિતી આપતા કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે રાજયના દરેક નાગરિકને રાસાયણીક ખાતર તેમજ જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના ઉત્પાદિત કરેલા શાકભાજી પાકો સરળતાથી મળી રહે તે માટે શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ શાકભાજીની ખેતી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરતા હોય તેવા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ તથા શાકભાજીની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે મહત્તમ રૂા.૨૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. આ યોજનાના અમલીકરણ માટે રાજય સરકાર દ્વારા અંદાજપત્રમાં રૂા.૧૦૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. આજના સમયમાં પ્રાકૃતિક ઉપજની માંગ સતત વધી રહી છે. ખાસ કરીને તેમાં આવા શાકભાજીની માંગ પણ વધી છે. જેથી તેને પહોંચી વળવા વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજી પકવે તે ખૂબ જ જરૂરી છે. તેથી ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા રાજય સરકારે મંજૂર કરેલ નવી યોજનાના અમલીકરણથી આગામી ૫ વર્ષમાં અનેક ખેડૂતો શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવશે અને આશરે ૫૦૦૦ હેકટર વિસ્તારનો વધારો થશે. ખેડૂતોને આપવામાં આવનાર સહાય ડીબીટીના માધ્યમથી સીધા જ તેમના બેંક ખાતામાં ચુકવવામાં આવશે.

# લોકોને નકલી સમાચારોથી બચાવવા માટે ફેક્ટ-ચેક યુનિટની જરૂર છે : બોમ્બે હાઈકોર્ટ



મુંબઈ તા.૫ બોમ્બે હાઈકોર્ટના ટાઈબ્રેકર ન્યાયાધીશ જસ્ટિસ એ.એસ. ચંદુરકરે મંગળવારે કોમેડિયન કુણાલ કામરા અને અન્ય લોકો દ્વારા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમો, ૨૦૨૧ (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ)ના નિયમ ૩(૧)(b)(v)ને પડકારતી અરજીઓમાં કેન્દ્ર સરકારની દલીલો સાંભળવાનું ચાલુ રાખ્યું. આ નિયમ સરકારને સોશિયલ મીડિયા ઉપર તેના વ્યવસાય વિશે નકલી, ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતીને ઓળખવા માટે ફેકટ-ચેક યુનિટ (FCU) ની સ્થાપના કરવાની સત્તા આપે છે. FCUનો બચાવ કરતાં કેન્દ્ર સરકારે સોલિસિટર-જનરલ તુષાર મહેતા દ્વારા કહ્યું કે તે લોકોને ખોટી માહિતીથી બચાવશે. શ્રી મહેતાએ દલીલ કરી હતી કે જાણવાનો અધિકાર અને ગેરમાર્ગે ન દોરાવાનો અધિકાર કલમ ૧૯(૧)(a) હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકાર જેટલો જ મહત્ત્વપૂર્ણ છે. બોમ્બે હાઈકોર્ટે આઈટી એમેન્ડમેન્ટ નિયમો ઉપર દલીલો સાંભળી હોવાથી કેન્દ્ર ફેક્ટ-ચેક યુનિટનો બચાવ કરે છે. સોશિયલ મીડિયા ઉપર ફરતા ફેક ન્યૂઝ અને ખોટી માહિતીના અનેક ઉદાહરણો ટાંકતા શ્રી મહેતાએ કહ્યું, ‘‘ઘણી રાજ્ય સરકારો પાસે FCU છે, જેમ કે કેરળ અને ઉત્તરાખંડ. હકીકતમાં, ખાનગી કંપનીઓમાં પણ FCU હોય છે, જેમાં સમાચાર સંસ્થાઓનો સમાવેશ થાય છે જે ખોટીમાહિતીને ફ્લેગ કરવા માટે મધ્યસ્થીઓ સાથે ભાગીદારી કરે છે. જો આપણે ચકેન્દ્ર સરકાર તથ્યની તપાસ નહીં કરીએ, તો તે ફરજની અવગણના હશે.’’ શ્રી મહેતાએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચ વિશેના નકલી સમાચાર સોશિયલ મીડિયા ઉપર વહેતા થયા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે મતદાન સંસ્થા મતદાન ન કરવાનું પસંદ કરનારા લોકોના ખાતામાંથી રૂા.૩૫૦ કાપશે. તેમણે કહ્યું ‘‘તે ગંભીર બાબત છે અને તેના ગંભીર પરિણામો આવી શકે છે. અરજદારોને અહીં શું વાંધો છે ? અરજદારોએ દલીલ કરી છે કે આની અતિ ખરાબ અસર થશે કારણ કે માધ્યમો ડરથી માહિતી દૂર કરી દેશે, હટાવી લેશે. પરંતુ એવી ઘણી વસ્તુઓ છે જેને દૂર કરવી જોઈતી હતી, પરંતુ તે થઈ નથી. અમે YouTubeને પત્ર લખ્યો છે પરંતુ તેઓએ તેમના સમુદાય માર્ગદર્શિકાને ટાંકીને તેને દૂર કર્યો નથી. ત્યાં કોઈ પ્રતિકૂળ અસર નથી. અને આ તમામ ખાતાઓ આવક રળી આપતા ખાતાઓ છે જે સબ્સ્ક્રાઈબર્સની સંખ્યાના મોડેલ ઉપર કામ કરે છે.’’ સોલિસિટર જનરલે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે રોગચાળા દરમ્યાન કેવી રીતે સોશિયલ મીડિયા ઉપર ખોટી માહિતી અને નકલી સમાચાર ફેલાવવાના કારણે યુ.એસ.ણે અસર પહોંચી હતી. તેમણે ઉમેર્યુ કે, ‘‘અમે (સરકાર) અહીં અંતિમ લવાદ નથી. વ્યક્તિઓની જેમ સરકાર પણ સક્રિય બની શકે છે. FCUએ તે કરવાની પદ્ધતિસરની રીત છે.

**શરીફ સરકારે યુદ્ધમાં ગુમ થયેલા ૩૮ સૈનિકોની યાદી પણ સુપરત કરી**

# ભારતની જેલોમાં ૪૫૨ કેદીઓ, પાકિસ્તાનમાં ૨૫૪ કેદીઓ

**બંને દેશો ૨૦૦૮ના દ્વિપક્ષીય કરાર હેઠળ વર્ષમાં બે વાર ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈએ આવી યાદીઓ વહેંચે છે**



નવી દિલ્હી, તા.૫ ભારત અને પાકિસ્તાને તાજેતરમાં એકબીજાની જેલમાં બંધ નાગરિક કેદીઓ અને માછીમારોની યાદી સુપરત કરી હતી. બંને દેશો ૨૦૦૮ના દ્વિપક્ષીય કરાર હેઠળ વર્ષમાં બે વાર ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈએ આવી યાદીઓ વહેંચે છે. ભારતની જેલોમાં ૪૫૨ પાકિસ્તાની કેદીઓ કેદ છે. જ્યારે ૨૫૪ ભારતીય નાગરિકો પાકિસ્તાનની જેલમાં બંધ છે. પાકિસ્તાને ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં ગુમ થયેલા ૩૮ સૈનિકોની યાદી પણ સોંપી છે. પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકારે કહ્યું કે, પાકિસ્તાને સોમવારે ભારતને ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં ગુમ થયેલા સૈનિકોની યાદી સોંપી છે. એકબીજાની કસ્ટડીમાં નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીની આપલે કરતી વખતે નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં રાજદ્વારી ચેનલો દ્વારા યાદીઓની આપ-લે કરવામાં આવી છે. પાકિસ્તાની વિદેશ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ૩૮ ગુમ થયેલા સૈનિકોની યાદી પણ સબમિટ કરવામાં આવી છે. પાકિસ્તાનનું કહેવું છે કે, આ સૈનિકો ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધથી ભારતની કસ્ટડીમાં હોવાનું માનવામાં આવે છે. પાકિસ્તાને કહ્યું કે, તેની જેલમાં ૨૫૪ ભારતીયો બંધ છે. જ્યારે ભારતે ૪૫૨ પાકિસ્તાની કેદીઓની અટકાયતની માહિતી આપી છે. આ તમામ કેદીઓ બંને દેશના નાગરિકો અથવા માછીમારો છે. પાકિસ્તાની વિદેશ કાર્યાલયે જણાવ્યું હતું કે, સરકારે ભારતમાં તેમની સજા પૂરી કરી ચૂકેલા તમામ પાકિસ્તાની કેદીઓને તાત્કાલિક મુક્ત કરવા અને તેમને સ્વદેશ પરત લાવવાનું આહ્‌વાન કર્યું છે. પાકિસ્તાને કહ્યું કે, તેણે શારીરિક અને માનસિક રીતે વિકલાંગ કેદીઓ સહિત પાકિસ્તાની ગણાતા વિવિધ કેદીઓને વહેલા મુક્ત કરવા વિનંતી કરી છે. પાકિસ્તાને ભારતને કેદીઓની સુરક્ષા, સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરવા પણ વિનંતી કરી હતી. વિદેશ કાર્યાલયે કહ્યું કે, સરકારના પ્રયાસોના ભાગરૂપે ૨૦૨૩માં ૬૨ અને ચાલુ વર્ષમાં ૪ પાકિસ્તાની કેદીઓને પરત લાવવાની ખાતરી કરવામાં આવી છે.

# એમ.એ. વીથ ઈંગ્લીશ કરીને કરિયર બનાવવુંહોય તો કયા ઓપ્શન છે? શું કોર્ષ કર્યા પછી બી.એડ કરીએ તો સારી કેરિયર બની શકે?

**મિત્રો આ લેખ આપણા વાચક બહેનના પ્રશ્નના આધારે છે. તેમના પ્રશ્નના જવાબમાં આ લેખ લખવાનું કારણ એ છે કે, તેના વિશે બહોળા વાચક વર્ગ સુધી પહોંચી શકાય અને લોકોને આ વિશે જાણકારી મળે તો તેઓ આ બાબતે કરિયર બનાવવા વિશે વિચારી શકે**

પ્રશ્ન - મને મારી કારકિર્દી બાબતે સલાહ જોઈએ છે. મેં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતેથી બીએ વિથ ઈંગ્લીશ (ઓન.) કરેલું છે. તો હવે મારે આગળ શું કરવું જોઈએ? મારા ઉજ્જવળ ભવિષ્ય માટે કયો કોર્ષ સારો રહશે. શું બી.એડ કરવું યોગ્ય રહેશે કે એમ.એ. વીથ ઈંગ્લીશ કરવું જોઈએ? બીજી કઈ કરિયર મારા માટે યોગ્ય રહેશે?

આપણે આજે ઈંગ્લીશ ભાષા વિશે વાત કરીશું અને તેમાં ઉત્તમ કરિયર કઈ રીતે બની શકે તેની વિસ્તારપૂર્વક ચર્ચા કરીશું.

તો મિત્રો આજે આ બાબતે આપણે ચર્ચા કરીશું કે, બહેને બી.એ. વીથ ઈંગ્લીશ કર્યું છે અને હવે બી.એડ કરવા માગે છે. બી.એડ એટલે કે બેચલર ઓફ એજ્યુકેશન એટલે કે શિક્ષક બનવા માટે આ એક ઉત્તમ કોર્ષ છે. બી.એડ. પછી એમ.એડ પણ કરી શકાય છે એટલે કે માસ્ટર ડિગ્રી મેળવી શકાય છે. જો બી.એ. પછી એમ.એ વીથ ઈંગ્લીશ કરો તો પણ ઉત્તમ કરિયર બની શકે છે. ઘણા લોકો સાયન્સ કે કોમર્સમાં જ સ્નાતક કે અનુસ્નાતક કરવાનું વિચારતા હોય છે અને આર્ટસ વિષય ઉપર અભ્યાસ કરવાનું ટાળતા હોય છે. પરંતુ આર્ટસ વિષયમાં પણ સારી કેરિયર બનાવી શકાય છે. આ વિશે અગાઉ એક વખત લેખ લખ્યો હતો. તે ઉપરાંત હવે બીજી વિસ્તારથી છણાવટ કરીએ. જો કોઈએ બી.એ. વીથ ઈંગ્લીશ એટલે કે બેચલર ઓફ આર્ટસના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે તો ખૂબ સારું કહેવાય. આના ઉપરથી સાબિત થાય છે કે તમને ઈંગ્લીશ ઘણું સારું આવડી ગયું હશે અને ભાષા ઉપર સારૂ એવી પ્રભુત્વ હશે. તો હવે જેમણે બી.એ. વીથ ઈંગ્લીશ કર્યુંર છે તેઓ માટે બે ત્રણ ઉત્તમ રસ્તા છે તેના વિશે મુદ્દા વાઈઝ વિસ્તારપૂર્વક ચર્ચા કરીએ.

**● એમ.એ. વીથ ઇંગ્લીશ**

સૌથી બેસ્ટ કોર્ષની વાત કરૂ તો બી.એ. કર્યા પછી એમ.એ. વીથ ઈંગ્લીશ તરીકેનો અભ્યાસ ચાલુ કરી શકો છે. તેના કારણે ઈંગ્લીશ સાહિત્ય ખૂબ પાક્કું થઈ જશે અને ભાષા ઉપર ઉત્તમ પ્રભુત્વ આવી શકે છે. અંતે તમે ઈંગ્લીશ ભાષાના ટીચર કે કોચ તરીકે સહેલાઈથી કામ કરી શકો છો. આ ઉપરાંત અંગ્રેજી ન્યુઝપેપર કે ટેલિવિઝન ચેનલ કે અન્ય મીડિયામાં પત્રકાર, ક્રિએટીવ રાઈટર, કોપી રાઈટર, કોપી એડિટર બનીને સારી કારકિર્દી બનાવી શકો છો. એમ.એ. વીથ ઈંગ્લીશ કર્યા પછી કોઈ શાળા, ટ્યુશન ક્લાસ કે કોચીંગ ક્લાસમાં ઈંગ્લીશ ભાષા ભણાવી શકો છો. કોઈને આ ભાષાના પર્સનલ ટ્યુશન આપીને પણ સારૂ



એવું નામ કે દામ કમાઈ શકાય છે.

**● ઇંગ્લીશ ભાષાનું મહત્ત્વ સમજાવવાની જરૂર ખરી?**

English એક વૈશ્વિક ભાષા બની ગઈ છે અને તે શીખવી જરૂરી છે. હાલમાં ઈન્ટરનેટ અને ટેકનોલોજીના વિકાસના કારણે વિશ્વ નાનું બની ગયું છે. તમારે ગમે ત્યારે વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ જોડે સંપર્ક કરવો હોય તો તેના માટે ઈંગ્લીશ એક સર્વ સામાન્ય ભાષા છે. ઈંગ્લીશ ઉપરાંત ફ્રેન્ચ અને ચાઈનામાં બોલાતી મેન્ડરીન પણ વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. પરંતુ અગાઉ કીધું એક ઈંગ્લીશનો વ્યાપક પ્રમાણમાં અને સર્વ સામાન્ય રીતે ઉપયોગ થાય છે. ઘણા એવા કિસ્સાઓ જોવામાં આવ્યા છે કે ઈંગ્લીશના નબળા જ્ઞાન અને નહીં આવડતું હોવાના કારણે નોકરીની તકો તેમજ નોકરી દરમ્યાન પ્રમોશનની તકો ગુમાવવાનો વારો આવે છે. આથી ઈંગ્લીશ બોલતા, લખતા અને વાંચતા આવડવું ખૂબ જ જરૂરી છે. ઈંગ્લીશનું મહત્ત્વ કેટલું છે તે એ બાબતથી જાણવા મળશે કે હાલની તારીખમાં ૫૦ ટકાથી વધુ ખાનગી શાળાઓ ઈંગ્લીશ માધ્યમની અથવા તો ઈંગ્લીશ ઉપર વધુ ભાર મુકતી હોય તેવી થઈ ગઈ છે. જે નવી શાળાઓ ખોલવામાં આવે છે તેમાં પણ ઈંગ્લીશ માધ્યમની શાળાઓ મોખરે છે. વાલીઓ પણ પોતાના બાળકો કારકિર્દીની સ્પર્ધામાં પાછળ રહી જશે તેવી બીકના કારણે ગુજરાતી કે અન્ય ભાષાની માધ્યમની શાળાઓમાં પોતાના સંતાનોને મૂકતા નથી. ઈંગ્લીશ શાળામાં પોતાના બાળકોને મૂકવામાં તેઓ અભિમાન લે છે. પરંતુ તેની પાછળ તેમનો પણ વાંક નથી. સમાજમાં દેખાદેખી જ એટલી વધી ગઈ છે કે ઈંગ્લીશ શીખવા ઉપર ભાર મૂકાય છે. જો લોકો અભ્યાસ કરી ચૂક્યા છે તેઓ ઈંગ્લીશ શીખવા માટે તેના ક્લાસ ભરતા હોવાથી ઈંગ્લીશ સ્પીકીંગ ક્લાસના સંચાલકો પણ માલામાલ થઈ ગયા છે. આથી ઈંગ્લીશ ખૂબ જ મહત્ત્વનું બની ગયું છે. દરેક લોકો પોતાને જો ઈંગ્લીશ ના આવડે તો લઘુતાગ્રંથિ આવી જતી હોય છે. આથી સર્વત્ર અને ચારેકોર ઈંગ્લીશનો પ્રભાવ જણાઈ રહ્યો છે.

**● બી.એ પછી બી.એડ કે પછી એમ. એ. બી. એડ. અને એમ. એમ. એમ.એડ કરી શકાય ?**

બી.એ કર્યા પછી બી.એડનો કોર્ષ કરી શકાય છે. એમ.એ કર્યા પછી બી.એડ કરો તો તમારે માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે કારકિર્દી બનાવી શકો છે. અલબત્ત બી.એ વીથ ઈંગ્લીશ બાદ બી.એડ. કરો તો પણ તમે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે પ્રવેશ મેળવી શકો છો. આ ઉપરાંત ખ્યાતનામ શાળાઓમાં પણ અંગ્રેજી વિષય ઉપર પ્રભુત્વ હોય તેવા શિક્ષકોની જરૂરી રહેતી હોય છે તો પ્રાઈવેટ સ્કૂલ્સમાં પણ નોકરી મળી શકે છે. એમ.એ. બી.એડ પછી એમ.એડ કરો તો તો સારામાં સારી તક મળવાની સંભાવનાઓ ખરી. એમ.એ પછી પીએચડી કરો તો કોલેજમાં લેક્ચરર તરીકેની જોબ મળી શકે છે.

**● કન્ટેન્ટ રાઇટર્સ**

આજકાલ વેબસાઈટ અને સોશિયલ મીડિયાનો જમાનો છે ત્યારે દરેક બિઝનેસ તેના દ્વારા જ ચાલે છે ત્યારે વેબસાઈટમાં લોકોને માહિતી માટેનું કન્ટેન્ટ તેમજ સોશિયલ મીડિયામાં મુકવા માટે નાનું કેન્ટેન્ટ કે સ્લોગન્સ લખવા માટે ઈંગ્લીશ ભાષાના જાણકાર લોકોની જરૂર પડતી હોય છે. તેનું અઢળક કામ મળતું હોય છે. શરૂઆતમાં સ્વયં કન્ટેન્ટ રાઈટીંગ કર્યા બાદ તમારી ટીમ ઉભી કરી શકાય છે અને મોટાપાયે કામ ક્લાયન્ટસ પાસેથી મળી શકે છે. અમુક વેબસાઈટ ડેવલપર્સ સાથે સંપર્કમાં રહો તો તેઓ તરફથી નિયમિત પણ કામ મળતું રહે છે. તમે પુસ્તક અને બીજા સાહિત્યને લગતા કામો કે ટ્રાન્સલેશન સર્વિસ સહિતના કામો કરી શકો છો. જેમાં નોકરી અને ધંધો બન્ને તક રહેલી છે. ઈંગ્લીશમાં પ્રભુત્વ હોવાથી સ્ટેનોગ્રાફી પણ ઝડપથી આવડી જવાની શક્યતા છે. આથી હાઈકોર્ટ, નીચલી અદાલતો અને સરકારી વિભાગોમાં નોકરીની સારી એવી તકો રહેલી છે.

**● સરકારી નોકરીની તકો**

તમે કોમર્સ કે સાયન્સ સ્ટ્રીમમાં અભ્યાસ કરો તેના કરતા આર્ટસમાં અભ્યાસ કરવાની સાથે સરકારી નોકરીની તૈયારી સારી રીતે અને સરળતાથી કરી શકો છો. આથી બી.એ. બાદ એમ.એનો અભ્યાસ કરતા કરતા તમે યુપીએસસી, જીપીએસસી કે બીજી કોઈ સરકારી નોકરીની તૈયારી કરી શકશો. તમે જો આઈએએસ કે આઈપીએસ અધિકારીઓનો પ્રોફાઈલ જોશો તો મોટાભાગના આર્ટસમાં શિક્ષણ લીધું હશે. ઉત્તર ભારતના રાજ્યોમાં તો વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ પછી તરત જ બી.એ.માં પ્રવેશ લઈને સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી શરૂ કરી દેતા હોય છે. આથી પાંચ વર્ષમાં તો ક્યાંક ને ક્યાંક સફળતા મળી જ જાય છે અને અધિકારી બની જતા હોય છે. આથી તમે એમ.એ કરવાની સાથે સાથે સરકારી નોકરીની પણ તૈયારી કરી શકો છો.

**● ઇંગ્લીશના ટીચર તરીકે દબદબો**

જો તમે ઈંગ્લીશ ભાષામાં ટીચર તરીકે કામ કરો તો તેનો એક અલગ જ પ્રભાવ છે. લોકો અહોભાવથી જુએ છે અને ખૂબ જ માન પાન મળે છે. આ ઉપરાંત ટીચરની જોબ ઉપરાંત લોકોને આ ભાષા શીખવાડવાના સેવા યજ્ઞમાં પણ જોડાઈ શકો છો. વળી ઈંગ્લીશ ભાષા ઉપર સારો કમાન્ડ હોય તો પછી અખબારોમાં લેખો લખીને વિવિધ સમસ્યા વિશે પોતાના મત વ્યક્ત કરીને લોકોને જાગૃત કરવાનું સેવાનું પણ એક કામ થાય છે. તો મિત્રો આમ બી.એ વીથ ઈંગ્લીશ અને બી.એડ. કરવાના ફાયદા જ ફાયદા છે. આશા રાખું છું કે તમને આ બાબતે ખૂબ જ સારી જાણકારી મળી ગઈ હશે અને તેનો ઉપયોગ તમે ઉત્તમ કારકિર્દી ઘડવા માટે કરી શકશો

### દિલ્હીમાં દર વર્ષે ૧૨ હજાર લોકોના થઈ રહ્યા છે મૃત્યું

# વાયુ પ્રદૂષણને કારણે ૧૦ શહેરોમાં દર વર્ષે ૩૩ હજાર લોકોના મૃત્યું

### વર્ષ ૨૦૦૮થી ૨૦૧૯ વચ્ચે કરવામાં આવેલ અભ્યાસમાં ૧૦ શહેરોમાં અમદાવાદનો પણ સમાવેશ

નવી દિલ્હી,તા.૫

દેશમાં વાયુ પ્રદૂષણ એક મોટી સમસ્યા છે, પરંતુ હવે એક તાજેતરના અભ્યાસમાં જે ખુલાસો થયો છે, તેનાથી આપણે સૌ ચિંતિત થઈએ તે સ્વાભાવિક છે. આ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશના ૧૦ શહેરોમાં વાયુ પ્રદૂષણને કારણે દર વર્ષે ૩૩ હજાર લોકોના મૃત્યુ થઈ રહ્યા છે. આ અભ્યાસ લેન્સેટ પ્લેનેટરી હેલ્થમાં પ્રકાશિત થયો છે.

રિપોર્ટ અનુસાર ભારતમાં સ્વચ્છ હવાના ધોરણો પહેલાથી જ આંતરરાષ્ટ્રીય સ્વચ્છ હવાના ધોરણો કરતા વધારે છે, પરંતુ ઘણા શહેરોમાં પ્રદૂષણ, નિર્ધારિત ધોરણો કરતા અનેકગણું વધારે છે જે એક મોટી સમસ્યા છે. જેના કારણે લોકો અનેક રોગોનો ભોગ બની રહ્યા છે. અહેવાલ મુજબ દેશના ૧૦ શહેરોમાં વાયુ પ્રદૂષણને કારણે ૩૩ હજાર લોકોના મૃત્યુ થઈ રહ્યા છે જે શહેરોમાં અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ, પુણે, શિમલા અને વારાણસીનો સમાવેશ થાય છે. આ અભ્યાસ ૨૦૦૮થી ૨૦૧૯ વચ્ચે કરવામાં આવ્યો હતો. મુંબઈ, બેંગ્લોર, કોલકાતા અને ચેન્નાઈમાં મોટી સંખ્યામાં મૃત્યુ થયા છે, પરંતુ રાજધાની દિલ્હીમાં સ્થિતિ સૌથી ખરાબ છે. રિપોર્ટ અનુસાર દિલ્હીમાં વાયુ પ્રદૂષણથી થતા રોગોને કારણે દર વર્ષે ૧૨ હજાર લોકો મૃત્યુ પામે છે, જે દેશમાં કુલ મૃત્યુના ૧૧.૫ ટકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં રાષ્ટ્રીય હવાની ગુણવત્તાના ધોરણોને કડક બનાવવાની જરૂર છે અને વાયુ પ્રદૂષણને અંકુશમાં લેવાના પ્રયાસોને બમણા કરવાની જરૂર છે.

દિલ્હી પછી, વારાણસીમાં સૌથી વધુ મૃત્યુ થયા છે, જ્યાં દર વર્ષે ૮૩૦ લોકોએ જીવ ગુમાવ્યા છે, જે મૃત્યુની કુલ સંખ્યાના ૧૦.૨ ટકા છે. હવાના પ્રદૂષણને કારણે બેંગ્લોરમાં ૨,૧૦૦, ચેન્નાઈમાં ૨૯૦૦, કોલકાતામાં ૪૭૦૦ અને મુંબઈમાં લગભગ ૫૧૦૦ લોકો દર વર્ષે મૃત્યુ પામે છે.

હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં સૌથી ઓછું વાયુ પ્રદૂષણ જોવા મળ્યું છે. જો કે પહાડી શહેરમાં હજુ પણ વાયુ પ્રદૂષણનું સ્તર જોખમ રહેલું છે. શિમલામાં દર વર્ષે ૫૯ મૃત્યુ થયા છે, જે કુલ મૃત્યુના ૩.૭ ટકા છે. આ રિપોર્ટ સસ્ટેનેબલ ફ્યુચર્સ કોલાબોરેટિવ, અશોકા યુનિવર્સિટી, સેન્ટર ફોર ક્રોનિક ડિસીઝ કંટ્રોલ, સ્વીડનની કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યુટ, હાર્વર્ડ અને બોસ્ટન યુનિવર્સિટીના સંશોધકો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

### લગ્નમાં પર્ફોર્મ કરશે ઈન્ટરનેશનલ સ્ટાર્સ

# ૧૨ જૂલાઈએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનાં લગ્ન થશે

### લગ્નનું સેલિબ્રેશન ૧૨ થી ૧૪ જૂલાઈ સુધી ચાલશે



મુંબઈ, તા.૫

ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીના લગ્નની ચર્ચા ગયા વર્ષથી ચાલી રહી છે. અનંત અને તેની ભાવિ પત્ની રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેલિબ્રેશન આ વર્ષે માર્ચની શરૂઆતમાં થઈ હતી. આ પછી જૂનમાં બીજું પ્રી-વેડિંગ સેલિબ્રેશન થયું, જેમાં બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધીના સ્ટાર્સે સામેલ થયા હતા. હવે ૧૨ જૂલાઈએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ લગ્ન કરવા જઈ રહ્યા છે.

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ ૧૨મી જૂલાઈ ૨૦૨૪ના રોજ મુંબઈમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. તેમના પુત્રના લગ્ન પહેલા મુકેશ અને નીતા અંબાણીએ ૨ જુલાઈના રોજ નવી મુંબઈમાં ૫૦ જરૂરિયાતમંદ કપલ્સના લગ્ન કરાવ્યા હતા. ઈન્ડિયા ટુડેના સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રખ્યાત રેપર અને ગાયક ડ્રેક અનંત અને રાધિકાના લગ્નમાં પરફોર્મ કરવા જઈ રહ્યા છે. ઈન્ટરનેશનલ આર્ટિસ્ટ ડ્રેક ટૂંક સમયમાં ભારત આવશે.

સૂત્રોએ એમ પણ કહ્યું છે કે ડ્રેક સિવાય અંબાણી પરિવારની મેનેજમેન્ટ ટીમ અન્ય આંતરરાષ્ટ્રીય કલાકારો સાથે વાતચીત કરી રહી છે. મળતી માહિતી મુજબ અનંત અને રાધિકાના લગ્નમાં અમેરિકન સિંગર લાના ડેલ રે અને બ્રિટિશ પોપ સિંગર એડેલ પણ પરફોર્મ કરી શકે છે. રાધિકા મર્ચન્ટ લાના ડેલ રેની મોટી ફેન છે. હાલમાં મેનેજમેન્ટ ટીમ આ કલાકારો સાથે વાતચીતમાં વ્યસ્ત છે. લગ્નની ઉજવણીમાં તેમને આમંત્રણ આપવા માટે તારીખ અને ફી નક્કી કરવા માટે વાતચીત ચાલી રહી છે.

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નનું સેલિબ્રેશન ૧૨ થી ૧૪ જૂલાઈ સુધી ચાલશે. આ લગ્નમાં બોલિવૂડ સ્ટાર્સ ઉપરાંત સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતના મોટા નામો પણ હાજરી આપશે. આ ભવ્ય લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયા પર પહેલાથી જ વાયરલ થઈ ગયું છે.

હોલિવૂડની ગાયિકા રીહાન્ના, ધ બેકસ્ટ્રીટ બોયઝ, પીટબુલ અને ઈટાલિયન ઓપેરા સિંગર Andrea Bocelliએ અનંત અને રાધિકાના પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં પરફોર્મ કર્યું હતું. આ કપલના પ્રી-વેડિંગ સેલિબ્રેશનની તસવીરો સોશિયલ મીડિયા પર અઠવાડિયાથી ધૂમ મચાવી રહી હતી.

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ મુંબઈના Jio વર્લ્ડ સેન્ટરમાં લગ્નના બંધનમાં બંધાશે. બંનેના ભવ્ય લગ્ન ૧૨ જૂલાઈના રોજ થશે. આ પછી ૧૩ જૂલાઈના રોજ બંનેના શુભ આશીર્વાદ સમારોહ યોજાશે. ૧૪મી જૂલાઈના રોજ ભવ્ય લગ્ન રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિશ્વભરના ફૈં અને ફફૈં મહેમાનો હાજરી આપશે.

### તપાસની માંગ કરવામાં આવી

# બિહારમાં સતત પુલ ધરાશાયી થવાનો મામલો સુપ્રીમમાં પહોંચ્યો

### સારણ જિલ્લામાં એક જ દિવસે બે પુલ ધરાશાયી, જેથી છેલ્લા ૧૫ દિવસમાં પુલ ધરાશાયી થવાની આ નવમી ઘટના



નવી દિલ્હી, તા.૫

બિહારમાં સતત પડી રહેલા પુલને લઈને સુપ્રીમ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં રાજ્યના તમામ પુલોની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. સારણ જિલ્લામાં એક જ દિવસે બે પુલ ધરાશાયી થયા હતા, જેથી છેલ્લા ૧૫ દિવસમાં પુલ ધરાશાયી થવાની આ નવમી ઘટના છે. બંને પુલ ધરાશાયી થવાના કારણે અનેક ગામો વચ્ચેનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. તેની અસર શાળાઓ અને હોસ્પિટલો જેવી આવશ્યક સેવાઓ પર જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, બંને પુલ ગંડકી નદી પર બનાવવામાં આવ્યા હતા. બ્રિટિશ યુગના પુલ પાસે ૨૦૦૪માં બનેલો પુલ ધરાશાયી થયો હતો. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, નદીના કિનારે સફાઈનું કામ ચાલી રહ્યું હતું અને તે પૂર્ણ થયા બાદ નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું, જેના કારણે પુલ તૂટી પડ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી આ અરજીમાં બિહાર સરકારને રાજ્યના તમામ હાલના અને નિર્માણાધીન પુલોનું ઉચ્ચ સ્તરીય સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે અને રાજ્યમાં પુલ તૂટી પડવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને જૂના અને નબળા પુલોને કાં તો તોડી પાડવામાં આવે અથવા તેનું ફરીથી નિર્માણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. અરજદાર અને એડવોકેટ બ્રજેશ સિંહે બુધવારે સુપ્રીમ કોર્ટને બિહાર સરકારને ઓડિટ કરવા માટે નિર્દેશ આપવા વિનંતી કરી હતી. PIL બિહારના અરરિયા, સિવાન, મધુબની અને કિશનગંજ જિલ્લામાં વિવિધ પુલોના તૂટી પડવાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે, જેમાં મોટાભાગે નદી પર બનેલા પુલનો સમાવેશ થાય છે. અરજદારે કહ્યું કે, બિહારમાં પુલ તૂટી પડવાના હાલના મુદ્દા પર સર્વોચ્ચ અદાલતે તાત્કાલિક વિચારણા કરવાની જરૂર છે. બે વર્ષમાં ત્રણ મોટા નિર્માણાધીન પુલ તેમજ મોટા, મધ્યમ અને નાના પુલ તૂટી પડવાની અનેક ઘટનાઓ બની છે. આ ઘટનાઓમાં કેટલાક લોકોના મૃત્યુ થયા છે અને ઘણા ઘાયલ થયા છે. સરકારની આ ઘોર બેદરકારી અને કોન્ટ્રાક્ટરો અને સંબંધિત એજન્સીઓની ભ્રષ્ટ સાંઠગાંઠને કારણે ભવિષ્યમાં વધુ ઘટનાઓ બની શકે છે. બિહાર જેવા પૂર પ્રભાવિત રાજ્યમાં પુલ સતત પડી રહ્યા છે તે ખૂબ જ ચિંતાની વાત છે. બિહારમાં પુલ તૂટી જવાની આવી ઘટનાઓ વિનાશક છે. મોટા પાયે લોકોના જીવને જોખમમાં મૂકે છે. તેથી, લોકોનું જીવન જોખમમાં છે. આ મામલાને નિરાકરણ માટે સુપ્રીમ કોર્ટના તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર છે.''

### ૨૦ વર્ષ બાદ જન્મ્યો હતો દિકરો..

# હાથરસ દુર્ઘટનામાં દિકરાને ગુમાવેલ પિતાની વ્યથા

### દુર્ઘટનામાં પત્ની અને દિકરાનું મોત નિપજ્યું

હાથરસ, તા.૫

ઉત્તર પ્રદેશના હાથરસમાં બાબા ભોલેના સત્સંગમાં મચેલી નાસભાગમાં અનેક પરિવારો ઉજડી ગયા છે. આ ઘટનામાં દરરોજ પોતાના પરિવારના સભ્યને ગુમાવનારા લોકોની કરુણ કહાની સામે આવી રહી છે. હવે આવી જ એક કહાની કિશોરી લાલની છે, જેમની પાસે પરિવાર કહેવા માટે હવે કંઈ પણ નથી બચ્યું. પરિસ્થિતિ એવી આવી ગઈ છે કે તેઓ પોતાનું મૃત્યુ ન પર પણ અફસોસ વ્યક્ત કરી રહ્યો છે. મંગળવારે સૂરજ પાલ ઉર્ફે ભોલે બાબા ઉર્ફે નારાયણ સાકર હરિના સત્સંગમાં નાસભાગ મચી ગઈ હતી. આ નાસભાગમાં ૧૨૧ લોકોના મોત થઈ જતા સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે.

૪૮ વર્ષીય કિશોરી લાલ પશ્ચિમ ઉત્તર પ્રદેશના બદાયૂં જિલ્લાના બિસૌલી ગામના રહેવાસી છે. આ ઘટનામાં તેમની ૪૨ વર્ષની પત્ની અને માત્ર ૪ વર્ષના પુત્રનું કરૂણ મોત નીપજ્યું હતું. તેમણે જણાવ્યું કે, લગ્નના ૨૦ વર્ષ બાદ અમને એક પુત્રના રૂપમાં આશીર્વાદ મળ્યો હતો.તેમણે જણાવ્યું કે, કેવી રીતે તેમણે સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં બંનેના મૃતદેહને જોયા. કિશોરી લાલે જણાવ્યું કે, પત્ની સત્સંગમાં બાળકને સાથે લઈ ગઈ હતી. હું ખેતીનો સામાન ખરીદવા કાસગંજ ગયો હતો. હું પાછો આવ્યો ત્યારે મેં મારી પત્નીને ફોન કર્યો. પરંતુ ફોન બીજા કોઈએ ઉપાડીને ત્યાં જે નાસભાગ થઈ હતી તેની માહિતી આપી. ખબર પડતાં જ હું હોસ્પિટલ તરફ દોડ્યો અને જોયું તો ચારે બાજુ મૃતદેહોના ઢગલા હતા. આ મૃતદેહોમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો હતા. તેમાંના કેટલાકને જોયા પછી, મેં મારી પત્ની અને પુત્ર સ્ટ્રેચર પર નજર આવ્યા. હું કેમ જીવિત છું? મારે પણ તેમની સાથે જતુ રહેવું હતું. એક સ્થાનિક નિવાસી સૂર્યદેવ યાદવે આ ઘટના અંગે જણાવ્યું કે જીવ ગુમાવનારા મોટાભાગના બાળકો ૧૦ વર્ષથી ઓછી ઉંમરના હતા. એહેવાલ પ્રમાણે ઘટના સમયે એટાથી પસાર થઈ રહેલા સોનુ શર્માએ કહ્યું કે, હું નેશનલ હાઈવે પર આયોજન સ્થળ પાસેથી પસાર થઈ રહ્યો હતો અને ત્યાંની પરિસ્થિતિ જોઈને ચોંકી ગયો. મેં રસ્તાના કિનારે લોકોને મૃત હાલતમાં પડેલા જોયા. મને કંઈ જ ખબર ન હતી કે શું થયું. તેમણે કહ્યું કે, મેં હાઈવે પર ડિવાઈડર પાસે એક નાની છોકરીને જોઈ. હું તરત જ તેની પાસે ગયો. તેની ઉંમર ૮-૯ વર્ષની હશે. જ્યારે મેં તેને મારા હાથમાં ઉઠાવી ત્યારે તેને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. હું કંઈ કરી શકું તે પહેલાં જ તે મૃત્યુ પામી. અન્ય ઘણા બાળકો અને મહિલાઓ મૃત્યુ પામ્યા હતા. જે સ્થિતિ મેં જોઈ તે હું મારા જીવનમાં ક્યારેય ભૂલી ન શકું. ઉત્તર પ્રદેશ પોલીસ બાબાની તલાશમાં ઘણી જગ્યાએ દરોડા પાડી રહી છે. સાથે જ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ વિશેષ તપાસ ટીમની રચના કરવાનો નિર્ણય લીધો છે.

### ISRO ચીફના નિવેદન પર જયરામ રમેશનો ટોણો

# અંતરિક્ષમાં જતા પહેલા વડાપ્રધાન મોદી મણિપુરની મુલાકાતે જાય

### મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પૂરતા પગલાં લેવામાં આવ્યા નથી : વિપક્ષ દ્વારા આક્ષેપ કરાયા

નવી દિલ્હી, તા.૫

હાલમાં જ ઈસરોના વડા એસ સોમનાથે કહ્યું હતું કે જો અમે વડાપ્રધાનને અવકાશમાં મોકલી શકીએ તો અમને ખૂબ ગર્વ થશે. એસ સોમનાથના આ નિવેદન પર કોંગ્રેસે વડાપ્રધાન પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે 'વડાપ્રધાને અંતરિક્ષમાં જતા પહેલા મણિપુરની મુલાકાત લેવી જોઈએ. મીડિયા અહેવાલો અનુસાર, ISROના વડા એસ સોમનાથે કહ્યું હતું કે જો વડાપ્રધાન મોદી ભારતના પ્રથમ માનવ મિશન ગગનયાન હેઠળ અવકાશમાં જવા માંગે છે તો તે ખૂબ જ ગર્વની વાત હશે. ગગનયાન વર્ષ ૨૦૨૫માં લોન્ચ થવાનું છે. ઈસરોના ચીફને પૂછવામાં આવ્યું કે શું તેઓ ખુશ થશે જો વડાપ્રધાન મોદી ઈસરોના માનવ મિશન હેઠળ અવકાશમાં જવા ઈચ્છે? તેના જવાબમાં એસ સોમનાથે કહ્યું, 'તેઓ આનાથી ખુબ ખુશ હશે, પરંતુ તેમની (પીએમ મોદી) પાસે બીજી ઘણી મહત્વપૂર્ણ જવાબદારીઓ છે. તેમને પૂર્ણ કરવું એ તેમની પ્રથમ પ્રાથમિકતા છે. પરંતુ આ એક એવી ક્ષમતા છે જેને આપણે હાંસલ કરવા માંગીએ છીએ, લોકોને અવકાશમાં એટલી હદે મોકલવાની ક્ષમતા વિકસાવવા માંગીએ છીએ કે તે અત્યંત સલામત બની જાય, અને અમે તેને હાંસલ કરવાની પ્રક્રિયામાં છીએ.

કોંગ્રેસ મણિપુર હિંસા મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરવામાં વ્યસ્ત છે. વિપક્ષનો આરોપ છે કે પીએમ મોદીએ મણિપુર હિંસા પર મૌન જાળવી રાખ્યું છે અને રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પૂરતા પગલાં લેવામાં આવ્યા નથી. મણિપુરમાં ગત વર્ષે મે મહિનામાં જાતિય હિંસા શરૂ થઈ હતી. આ હિંસામાં ૨૦૦ થી વધુ લોકોના મૃત્યુ થયા છે અને હજારો લોકોને વિસ્થાપનનો સામનો કરવો પડ્યો છે. રાજ્યસભામાં પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ મણિપુરના મુદ્દા પર પણ નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે કેન્દ્ર સરકાર રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવાનો સતત પ્રયાસ કરી રહી છે.

# અમરનાથ યાત્રામાં તૈનાત રહેલા સુપરવાઈઝરે ફોન પર કર્યા લગ્ન

### ફૈઝલે વીડિયો કોલ પર કબૂલ હૈ, કબૂલ હૈ, કબૂલ હૈ કહ્યું

અમરનાથ, તા.૫

અમરનાથજીની યાત્રા માટે પહેલગામના નુનવાન બેઝકેમ્પમાં ફરજ બજાવતા સુપરવાઈઝર ફૈઝલ અહેમદે સમર્પણનું અનોખું પ્રદર્શન કર્યું છે. જાણકારી પ્રમાણે ફૈઝલે વર્ચ્યુઅલ રીતે લગ્ન કર્યા હતા, જેથી કરીને તે બેઝકેમ્પમાં પોતાની જવાબદારીઓ નિભાવી શકે. આ પ્રસંગે ગ્રામીણ વિકાસ વિભાગ અને સેવા પ્રદાતાઓના કાર્યકરોએ ગ્રામીણ સ્વચ્છતા અંતર્ગત એક નાનું આયોજન પણ કર્યું હતું. દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના ઝૈનાપોરાનો રહેવાસી ફૈઝલ અહેમદે કેમ્પમાં રહીને પોતાનું કામ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો.

એક અધિકારીએ વાત કરતાં જણાવ્યું હતું કે, આ પ્રસંગે ડઝનેક લોકો હાજર રહ્યા હતા. અને તેમના માટે મિઠાઈ અને ચા-બિસ્કિટની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. ગ્રામીણ સ્વચ્છતાના મહાનિર્દેશક અનુ મલ્હોત્રાએ આ વિશેષ પ્રંસગે ફૈઝલ અહેમદને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. આ અંગે અધિકારીઓએ કહ્યું કે, તેમનું સમર્પણ સ્વચ્છતા મિશનની સફળતાને સુનિશ્ચિત કરવાની ભૂમિકા દર્શાવે છે. ફૈઝલની પ્રતિબદ્ધતા અને તેમના દ્વારા આપવામાં આવતી અનુકરણીય સેવા પર અમને ગર્વ છે. બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO) મુદાસિર ગુલે જણાવ્યું હતું કે, ફૈઝલ અહેમદે સરળ તીર્થયાત્રાને સુનિશ્ચિત કરવા પોતાની જવાબદારીને સમજતાં ફૈઝલ અહેમદે પ્રસંગ માટે ઘરે જવાને બદલે બેઝકેમ્પમાં રહેવાનું પસંદ કર્યું. તેમજ ઉપસ્થિત લોકોએ તેમનું મનોબળ વધારવા માટે એક યાદગાર પ્રસંગનું આયોજન કર્યું છે.

### ન્યાયની મજાક ન ઉડાવો

# ટ્રાયલમાં વિલંબ મામલે NIAને સુપ્રીમની ફટકાર

### સુપ્રીમે સખત ઠપકો આપતા કહ્યું કે, તે ભલે ગંભીર ગુનાનો આરોપી હોય પણ તેને ઝડપી સુનાવણીનો અધિકાર છે

નવી દિલ્હી, તા.૫

સુપ્રીમ કોર્ટે ચાર વર્ષથી જેલમાં રહેલા એક આરોપીને જામીન આપતાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને ટ્રાયલમાં વિલંબ કરવા બદલ સખત ઠપકો આપ્યો હતો. આ કેસ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ (UAPA) ૧૯૬૭ હેઠળ નોંધવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે NIAને ન્યાયની મજાક ન ઉડાવવા જણાવ્યું હતું. કોર્ટે કહ્યું કે આરોપી ભલે ગંભીર ગુનાનો આરોપી હોય પણ તેને ઝડપી સુનાવણીનો અધિકાર છે. જસ્ટિસ જેબી પારડીવાલાની આગેવાની હેઠળની વેકેશન બેન્ચે NIAને કહ્યું કે, કેસ શરૂ કરવાની જવાબદારી તમારી છે. તે છેલ્લા ચાર વર્ષથી જેલમાં છે. આજદિન સુધી આરોપો ઘડવામાં આવ્યા નથી. બેન્ચે એ પણ નોંધ્યું હતું કે ૮૦ સાક્ષીઓની તપાસ કરવાની બાકી છે. બેંચ બોમ્બે હાઈકોર્ટના આદેશ સામેની અપીલની સુનાવણી કરી રહી હતી જેણે અપીલકર્તા જાવેદ ગુલામ નબી શેખને જામીન પર મુક્ત કરવાનો ઈનકાર કર્યો હતો. આરોપીઓની લાંબી જેલને જોતા કોર્ટે કેસની સુનાવણી સ્થગિત કરવાનો ઈનકાર કર્યો હતો. ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ અપીલકર્તાની મુંબઈ પોલીસ દ્વારા ગુપ્ત માહિતીના આધારે ધરપકડ કરવામાં આવી હતી. લાંબા સમય સુધી જેલની સજા પર વિચાર કરવા ઉપરાંત સર્વોચ્ચ અદાલતે એ પણ નોંધ્યું કે આ ગુનામાં બે સહ-આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

### તમિલનાડુના મેઘનાપુરમની ચોરીની અનોખી ઘટના

# માફ કરજો, મજબૂરી છે, ચોરી કરીને ચોરે લખ્યો માફી પત્ર!

### મહિનામાં બધું પરત કરી દઈશનો માફીપત્રમાં વાયદો

ચેન્નાઈ,તા.૫

તમિલનાડુમાં એક નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી ચોર ચોરી કરી ગયો. ચોરે આ દરમિયાન એક માફી પત્ર પણ લખ્યો અને કહ્યું કે ''માફ કરજો, મજબૂરી છે હું એક મહિનામાં જ બધું પાછું આપી દઈશ''. હાલ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તમિલનાડુના મેઘનાપુરમના સથાનકુલમ રોડ પર આવેલા મકાનમાં એક નિવૃત્ત શિક્ષક દંપતી રહે છે. દંપતી ૧૭ જૂને તેમના પુત્રને મળવા ઘરેથી નીકળ્યા હતા. તેમનો પુત્ર ચેન્નાઈમાં રહે છે. જતા પહેલા, તેણે તેના ઘરની સંભાળ રાખવા અને સાફ કરવા માટે એક નોકરાણીને રાખી હતી. નોકરાણી દંપતીની ગેરહાજરીમાં ઘરની સફાઈ અને દેખરેખ કરતી હતી.

નોકરાણી ૨૬ જૂને નિવૃત્ત દંપતીના ઘરે પહોંચી હતી. જ્યારે તે ત્યાં પહોંચી ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો જોઈને તે ચોંકી ગઈ. તેણે તરત જ દંપતીને આ ઘટના બાબતે ફોન પર જાણ કરી. જે બાદ દંપતી ચેન્નાઈથી પાછા ફર્યા. જ્યારે તેઓએ આવીને ઘરની અંદર જોયું તો તેમને ખબર પડી કે ઘરમાંથી આશરે રૂા.૬૦,૦૦૦ રોકડા, ૧૨ ગ્રામ સોનાના દાગીના અને ચાંદીની પાયલની ચોરી થઈ છે.

તેણે આ અંગે પોલીસને પણ જાણ કરી હતી. પોલીસે આવીને મામલાની તપાસ શરૂ કરી હતી. મકાનની તલાશી લેતા એક ચિઠ્ઠી મળી આવી હતી. આ ચિઠ્ઠી એ ચોરે લખેલો માફીપત્ર હતો. તેમાં ચોરે આ ચોરી બદલ માફી માંગી હતી. ચોરે એવો વાયદો પણ કર્યો હતો કે તે એક મહિનામાં ચોરીનો સામાન પરત કરી દેશે. તેણે માફીપત્રમાં લખ્યું છે કે કૃપા કરીને મને માફ કરો, હું એક મહિનામાં બધું પરત કરી દઈશ. મારા ઘરમાં કોઈ બહુ બીમાર છે એટલે મારે ચોરી કરવી પડે છે.

# જૂનાગઢ કોર્પોરેશનની ચુંટણી યોજાશે કે વહીવટદાર શાસન આવશે ?

## ચુંટણી થશે તો શું થશે ? : ભાજપનાં કોર્પોરેટરોમાં ભારે ડરનો માહોલ : : વર્તમાન કોર્પોરેટરો અને ભાજપનાં પદાધિકારીઓનાં ધબકારા વધી રહયા છે : ત્રસ્ત પ્રજાનાં 'ધોકા' ખાવાની તૈયારી સાથે જ મત માંગવા જવું : જાણકારોનો મત

જૂનાગઢ તા. ૫ : જૂનાગઢ કોર્પોરેશનની મુદત ૩૧ જુલાઈએ સમાપ્ત થઈ રહી છે. અને આજે તારીખ પાંચ જુલાઈ થઈ ગઈ છે. એટલે કે વર્તમાન મુદત સમાપ્ત થવા આડે હવે માત્ર ૨૬ દિવસનો જ સમય બાકી છે. નિયમ મુજબ ૩૧ જુલાઈ સુધીમાં જ ચુંટણી થઈ જવી જોઈએ. પરંતુ આધારભુત સુત્રોનાં જણાવ્યા મુજબ જૂનાગઢ મનપાની ચુંટણી હાલમાં જાહેર થાય તેવી શકયતાઓ લગભગ નહીવત છે. અને વહીવટદાર શાસનનાં પ્રબળ સંજોગો સર્જાઈ રહયા છે. તેનું કારણ એ છે કે ચુંટણી યોજવા માટે હવે પુરતો સમય રહયો નથી. નવી સુધારેલી મતદાર યાદીઓ તેમજ પ્રચાર માટેનો સમય વગેરે ધ્યાનમાં લેતાં હવે ચુંટણી જાહેર થાય તેવી શકયતા લગભગ નથી. અને વહીવટદાર શાસન આવશે તેવું સુત્રો જણાવી રહયા છે. જૂનાગઢ મનપાનાં શાસકોએ છેલ્લા પાંચ વર્ષમાં કંઈ ઉકાળ્યું નથી. શહેરીજનોને પ્રાથમીક સુવિધા આપવામાં પણ નિષ્ફળ રહયા છે. તેને બદલે શહેરીજનોની મુશ્કેલીઓમાં પારાવાર વધારો થયો છે. વર્તમાન ચોમાસાની સીઝનમાં શહેરનો એક પણ માર્ગ એવો નથી જયાં ખાડા ખોદાયેલા ન હોય, અને કાદવ કીચડનું સામ્રાજય ન હોય. મુખ્ય માર્ગોથી લઈ સોસાયટી અને પરા વિસ્તારમાં પણ આજ હાલત છે. રાજય સરકારે જૂનાગઢ મનપાને ગ્રાન્ટ આપવામાં કોઈ કમી રાખી નથી. પરંતુ આ ગ્રાન્ટ અત્યાર સુધી કયાં વપરાઈ તેનો કોઈ હિસાબ જાહેર કરાયો નથી. ગ્રાન્ટનો વ્યકિતગત ફાયદા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. શહેરનો વિકાસ કરવાનાં બદલે કોર્પોરેટરોએ પોતાનો વિકાસ કર્યો છે તે જગજાહેર છે. તેથી જ રાજય સરકાર પણ હાલમાં જૂનાગઢ મનપાની ચુંટણી જાહેર કરવામાં ભારે સાવધાની પૂર્વક વર્તી રહી છે. કારણ કે વર્તમાન સ્થિતિ જોતાં કોર્પોરેટરો તેમનાં વિસ્તારમાં મત માંગવા જઈ શકે તેવી સ્થિતિમાં રહયા નથી. જૂનાગઢ મનપાની ગ્રાન્ટને ઉધીની જેમ કોરી ખાઈ જનારા કોર્પોરેટરો કયા મોઢે લોકો પાસે મત માંગશે તે સવાલ છે. લોકો પાસે મત માગવા જનાર વર્તમાન કોર્પોરેટરોએ 'ધોકા' ખાવાની તૈયારી રાખવી પડશે તે નિશ્ચિત છે. તાજેતરમાં ઝાંઝરડા રોડ પર મહીલાઓએ રણચંડી બનીને જે પ્રચંડ વિરોધ કર્યો હતો અને તે વિસ્તારનાં કોર્પોરેટરોને હાથે-પગે લાગવા મજબુર કરી દીધા હતા. અને કાદવ કીચડવાળા માર્ગો પર ચાલવાની ફરજ પાડી હતી. આવું જ ચિત્ર દરેક વોર્ડમાં સર્જાશે તેવું મનાઈ રહયું છે. ત્યારે અમુક રાજકીય આગેવાનો એવું માની રહયા છે કે હાલમાં મનપાની ચુંટણી ન યોજાય તેમાં જ વર્તમાન શાસકોનું ભલુ છે અને વહીવટદારનું શાસન લાદીને અનુકુળ સમયે ચુંટણી યોજવામાં આવે તેવી ભલામણ ભાજપ હાઈકમાન્ડને થઈ ચુકી હોવાનું પણ સુત્રો જણાવી રહયા છે. એટલું જ નહી ભાજપનું એક જુથ મુખ્યમંત્રી તેમજ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને મળીને વહેલી ચુંટણી યોજવા રજુઆત કરવા ગયું હતું. પરંતુ મુખ્યમંત્રીએ અને પાટીલે કોઈ ભાવ આપ્યો ન હતો. અને વહેલી ચુંટણીની રજુઆત કરવા ગયેલા ભાજપનાં આ જુથને વીલા મોઢે પાછા ફરવું પડયું હતું. જૂનાગઢનાં ભાજપનાં નેતાઓ અને કોર્પોરેટરોનું ગાંધીનગર ખાતે કંઈ ઉપજતું નથી. અને તેમની કોઈ આબરૂ રહી નથી તેવું ભાજપનાં પ્રતિસ્પર્ધી વિરોધી જુથો એકબીજા વિષે અભિપ્રાય આપતા જણાવી રહયા છે.

# રવિવારે અષાઢી બીજ : પરબધામ ખાતે ભવ્ય લોકમેળાની તડામાર તૈયારી : લોકોમાં ભારે ઉત્સાહ






જૂનાગઢ તા.૫

જૂનાગઢના ભેંસાણ નજીક આવેલા સુપ્રસિદ્ધ તિર્થક્ષેત્ર પરબધામ ખાતે રવિવારના રોજ પરંપરાગત રીતે અષાઢી બીજ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે પરબધામ ખાતે યોજાનાર અષાઢી બીજ મહોત્સવની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહયો છે. ચાલુ વર્ષે પરબધામ ખાતે યોજાનાર અષાઢી બીજ મહોત્સવમાં ધારણા કરતાં વધુ જનમેદન ઉમટી પડે તેવું જાણવા મળી રહયું છે.

ભેસાણ નજીક આવેલ પરબધામનાં મહંત કરશનદાસ બાપુ ગુરૂ સેવાદાસ બાપુના સાંનિધ્યમાં યોજાઈ રહેલા અષાઢી બીજ મહામહોત્સવ અંતર્ગત તા.૭ જુલાઈના સવારે ૭:૩૦ વાગ્યે પૂ.બાપુના હસ્તે નિશાન પૂજન અને ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ લોકમેળો ખુલ્લો મુકવામાં આવશે. અષાઢી બીજ મહોત્સવ દરમ્યાન પુજન, અર્ચન, યજ્ઞ સહિતના કાર્યક્રમ યોજાશે. પરબધામના મેળામાં આવતીકાલથી માનવ મહેરામણ ઉમટવાનું શરૂ થઈ જશે.

અષાઢી બીજના મેળામાં ને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભોજન પ્રસાદ માટે મહાકાય પાંચ રસોડામાં રસોઈ તૈયાર કરવામાં આવે છે તેમજ ૩૦૦૦ કાઉન્ટર મુકાયા છે. એક પગંતે ૧ લાખ લોકો બેસીને પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખાદ્ય-સામગ્રી લાવવા-લઈ જવા માટે ૧૦૦ ટ્રેક્ટરનો ઉપયોગ કરાશે. પ્રસાદમાં શુદ્ધ ઘીનો શીરો, રોટલી, શાક, ગાંઠિયા, દાળ- ભાત, સંભારો પીરસવામાં આવશે.

પરબધામ મેળાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહયો છે. સ્વયંભુ યોજાતા આ લોકમેળામાં આવતા બાળભાવિકોને ધર્મની સાથે મનોરંજન મળી રહે તે માટે અવનવી રાઈડસ પણ પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ આવી ચૂકી છે. આ વખતે નવી રાઈડસ પણ જોવા મળશે.

પરબધામ ખાતે યોજાનાર લોકમેળા માટે સરકારી અધિકારીઓ પણ મહોત્સવમાં ખડે પગે મામલતદાર આઈ.આર. પારગી, પીએસઆઈ એસ.એન. કાતરીયા, વીજ ઈજનેર ડી.એમ.ચોચા સહિતના અધિકારીઓ તેમજ પોલીસ તેમજ જી.આર.ડીના જવાનો ફરજ બજાવશે. પરબધામ ખાતે યોજાનાર અષાઢી બીજ મહોત્સવમાં આવનાર ભાવિકોને કંઈ તકલીફ ન પડે તેની તકેદારીના ભાગરૂપે સુસજ્જ આયોજન કરી રહ્યા છે અને તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહયો છે.

# સોમનાથનાં સમુદ્ર કિનારેથી અફઘાની ચરસનો રૂા. ૭૫ લાખનો જથ્થો બિનવારસી મળી આવ્યો : તપાસનો ધમધમાટ

## સુરક્ષા એજન્સીનાં ડરથી દરિયામાં ફેંકી દેવામાં આવેલ જથ્થો કિનારે તણાઈ આવેલ હોવાનું અનુમાન : ગત વર્ષે પણ ચરસનાં ૩૫૦ પેકેટ બિનવારસી મળી આવ્યા હતાં



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૫

સોમનાથ મંદિર નજીકના દરીયા કિનારેથી ફરી એકવાર માદક પદાર્થ ચરસનો મોટો જથ્થો મળી આવ્યો છે. એસ.ઓ.જીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન સોમનાથ મરીન પોલીસ સ્ટેશનની સામેના સમુદ્ર કિનારા ઉપર ૧ કિલો ૪૪૨ ગ્રામ વજનના ચરસનું એક બિનવારસી પેકેટ મળી આવ્યું છે. આ જથ્થાની કિંમત રૂા.૭૦.૭૨ લાખ થાય છે. આ એસઓજી દ્વારા પ્રભાસ પાટણ પોલીસમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એનડીપીએસ એકટની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. છેલ્લા થોડા સમયથી ગુજરાતના કચ્છથી લઈને પોરબંદર, સોમનાથના સમુદ્ર કિનારેથી નશીલા પદાર્થોના બિનવારસુ પેકેટો મળી આવતા હોવાની ઘટનાઓ સમયાંતરે સામે આવી રહી છે. ત્યારે દરિયાકાંઠાના વિસ્તારમાં ખાસ વોચ રાખવા ગીર સોમનાથ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાની સુચનાથી એસઓજી પી.આઈ. જે.એન. ગઢવી, પીએસઆઈ પી.જે. બાટવા સહિતની ટીમ સતત કાંઠાના વિસ્તારોમાં પેટ્રોલીંગ હાથ કરી રહી હતી. દરમ્યાન ગઈકાલે સવારે સોમનાથ મંદિરના પાછળના ભાગે સોમનાથ મરીન પોલીસ સ્ટેશનની સામેના દરિયાકાંઠે એક બિનવારસુ શંકાસ્પદ પેકેટ પડ્યુ હોવાની બાતમી એસઓજીના દેવદાન કુંભારવડિયાના મળી હતી. જેના આધારે સ્થળ ઉપર તપાસ કરતા શંકાસ્પદ નશીલા પદાર્થ ચરસનું પેકેટ મળી આવ્યું હતું. FSLની ટીમ દ્વારા વરસાદી વાતાવરણ હોવાથી શંકાસ્પદ માદક પદાર્થના પેકેટને પૃથકરણ માટે પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન લાવી તપાસ કરતા પેકેટ સફેદ કાપડ AFGHAN PRODUCT 1200 GM KING તથા ઉર્દુ જેવી ભાષામાં લખાણ લખેલી પ્લાસ્ટીકની પારદર્શક કોથળી હતી. જેને તોડતા અંદર બીજુ લીલા કલરનું પ્લાસ્ટીકની કોથળીનું પેકીંગ હતું. જેના ઉપર બે ખજુરીના ચીત્ર વચ્ચે સાબરનું ચીત્ર, રાણીનું ચિત્ર તથા અંગ્રેજીમાં THE STORY OF BREAKFAST BLEND NOTES OF BROWNSUGAR & SWEET ORANGE વગેરે લખાણ લખેલું હતું. જે પેકેટ તોડતા તેના અંદરના ભાગે એક લાલ કલરની કોથળી હતી જે કોથળી તોડી FSL દ્વારા જોતાં તેમા ઘેરા કથાઈ રંગનો આછા ગુલાબી રંગના પાતળા કાગ જેવા રેપરના ટુકડા ચોટેલ પોચો, ચીકણો, ગઠઠા સ્વરૂપનો વિશીષ્ટ વાસવાળો પદાર્થ નીકળ્યું હતું. જેનું તેઓની પાસે ઉપલબ્ધ નાર્કોટીક ટેસ્ટ કીટ વડે પ્રાથમિક પરીક્ષણ કરતા માદક પદાર્થ ચરસના(મેરીજુઆના હસીસ) સકીય ઘટકો જણાયું હતું. બાદમાં તેનો વજન કરતા ૧૪૪૨ ગ્રામ જેવો થયેલ અને આ અફઘાની ચરસની એક ગ્રામની કિંમત ૫ હજાર હોય જે મુજબ ૧૪૪૨ ગ્રામની કુલ રમ૭૨.૭૦ લાખ મુજબ જેવી થતી હતી. આ મામલે SOG દ્વારા પ્રભાસ પાટણ પોલીસમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ભારતના યુવાધનને બરબાદ કરવા માટેના બદ ઈરાદાથી દરીયાઈ માર્ગે ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થ ચરસનો જથ્થો લાવતી વખતે દરીયાઈ સુરક્ષા એજન્સીના ડરથી દરીયામાં ફેંકી દેતા દરીયાઈ પ્રવાહ સાથે દરીયાકાંઠે તણાઈ આવેલ હોવા અંગે NDPS એકટ મુજબ ગુન્હો નોંધવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ ગીર સોમનાથ જીલ્લાના દરીયાકાંઠા ઉપર જુદા જુદા સ્થળોએથી કરોડોની કિંમતના ૩૫૦ થી પણ વધુ ચરસના પેકેટોનો બિનવારસુ જથ્થો મળી આવ્યો હતો. જેની તપાસ હજુ ચાલી રહી હોય દરમ્યાન ફરી ચરસનો જથ્થો મળી આવતા સુરક્ષા એજન્સીઓ ચોકી ઉઠી છે. આને લઈ કાંઠાના વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરી છે.

# એમબીબીએસ અભ્યાસક્રમની ફીમાં તોતીંગ વધારો ઝીંકાતા વિદ્યાર્થીઓ-વાલીઓમાં ભારે હોબાળો : કલેકટરને આવેદન અપાયું

જૂનાગઢ તા.૫

રાજયની જીએમઈઆરએસ કોલેજોના એમબીબીએસના અભ્યાસક્રમમાં તોતીંગ વધારો ઝીંકતા ભારે વિરોધ ઉઠવા પામી રહયો છે. ત્યારે જૂનાગઢ જીલ્લા વિદ્યાર્થી અને વાલી મંડળ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવી ફીનો વધારો રદ કરવા માંગણી કરી છે.

જૂનાગઢ જીલ્લા કલેકટર કચેરી ખાતે બહોળી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓએ આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું છે કે, સરકાર દ્વારા જીએમઈઆરએસ કોલેજમાં થયેલ અસાધારણ વધારાને કારણે એમબીબીએસનો અભ્યાસ કરવો મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે. અત્યાર સુધી ગવર્મેન્ટ કવોટાની ફી રૂા.૩.૩૦ લાખ જેવી હતી જે વધારીને ૫.૫૦ લાખ અને મેનેજમેન્ટ કવોટાની ફી ૯ લાખ હતી તે વધારીને ૧૭ લાખ કરી છે જે મધ્યમ વર્ગ અને ગરીબ વિદ્યાર્થીઓ માટે ભરવી અશકય છે. ચાલુ વર્ષ દરમ્યાન નીટની પરીક્ષામાં થયેલ ગેરરીતીઓને કારણે જે કટ ઓફ ઉંચુ ગયું એનો ન્યાય હજુ વિદ્યાર્થીઓને મળેલ નથી ત્યાં ફી વધારાના કારણે વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

આવેદનમાં વધુમાં જણાવાયું છે કે, આજના સમયે જયારે ડોકટરોની માંગ વધી રહી છે ત્યારે સરકાર સીટો વધારવાની જગ્યાએ ફી વધારીને એવું સાબીત કરવા માંગે છે કે ડોકટર બનવાનો હક ગરીબ કે મધ્યમ વર્ગ માટે નથી પરંતુ અમીરો માટે છે. આવેદનમાં તોતીંગ ફી વધારો રદ કરી ગયા વર્ષ જેટલી જ ફી યથાવત રાખવા કલેકટર મારફત આવેદનપત્ર પાઠવી માંગ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં કાર સર્વિસ સ્ટેશનના ગોડાઉનમાં આગ લાગતા અફડાતફડી





## ફાયર વિભાગે તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો

જૂનાગઢ તા.૫

જૂનાગઢ દોલતપરા વિસ્તારમાં કાર શો રૂમના સર્વિસ સ્ટેશનના કલર ગોડાઉનમાં આગ લાગતા ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢ શહેરના દોલતપરા નજીક આવેલ મારૂતિ સુઝુકી શો રૂમના સર્વિસ સ્ટેશનમાં કલરના ગોડાઉનમાં આગ લાગતા ફાયર વિભાગને જાણ કરાતા ફાયર વિભાગે તાત્કાલીક ઘટના જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ કામગીરીમાં ફાયર વિભાગના સ્ટેશન ઈન્ચાર્જ કનુભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ ફાયરમેન રાહુલ રાજયગુરૂ, નુરમહમદ શેખ, કાઠી નરેશ અને ડ્રાઈવર કમલેશભાઈ પુરોહીતે જહેમત ઉઠાવી તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

## જૂનાગઢમાં એક્ટીવાની ચોરી

જૂનાગઢ તા. ૫

જૂનાગઢમાં હીરાકોમ્પલેક્ષ પાછળ રહેતા નયનકુમાર રૂપોરલીયાનાં પુત્ર યશનં એકટીવા મોટર સાયકલ નં. જીજે-૧૧-સીએફ ૬૧૪૫ કોઈ ચોરી કરી ગયાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

## માણાવદરમાં પાણીમાં ડુબી જતા યુવાનનું મોત

માણાવદર તા.૫

માણાવદર શહેરમાં આવેલ નવનાલાના પુલની પારી ઉપરથી અકસ્માતે નીચે પડી જતા ડુબી જતા યુવાનનું મોત થયાનું માણાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયું છે. આ અંગે માણાવદર પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ સ્ટેશનમાં નરોતમભાઈ હરદાસભાઈ ભેસદડીયાએ જાહેર કરેલ કે મૃતક જેનીશકુમાર (ઉ.વ.૪૦)રહે.ગીરીરાજનગર, માણાવદરવાળાઓ નવનાલા પુલની પારી ઉપર બેસેલ હોય દરમ્યાન કોઈપણ કારણે અકસ્માતે નીચે પડી જતા પાણીમાં ડુબી જતા મોત નિપજયાનું જાહેર કરતા માણાવદર પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી.

## જૂનાગઢના સરદારપરામાંથી ઘોડીપાસાનો જુગાર રમતા ૩ ઝડપાયા

જૂનાગઢ તા.૫ : જૂનાગઢ શહેરના જોષીપરા સરદારપરા વિસ્તારમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ૫૮૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન થાણે ગુનો નોંધાવેલ છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ સ્ટેશને ક્રાઈમ બ્રાન્ચ હેડ કોન્સ્ટેબલે ફરીયાદી બની એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓ દાનાભાઈ રવજીભાઈ મકવાણા, વિજય સવજભાઈ ધુમડીયા, મનસુખ કાલીદાસ જેઠવા સરદારપરા પાછળ શેરી નં.૮માં જાહેરમાં ગેરકાયદે ઘોડીપાસા વડે જુગાર રમતા ૩૭૯૦૦ રોકડ, ૩ મોબાઈલ સહિત ૫૮૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંન્જ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.બી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.